અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ જુલાઈ ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર આધારિત પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યુ

## સોફ્ટવેરની જેમ પ્રોગ્રામ અપડેટ કરવા જરૂરી : વડાપ્રધાન મોદી

। ગાંધીનગર, તા.૨૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. શુક્રવારે, તેમના પ્રવાસના બીજા દિવસે પીએમ મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર આધારિત એક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સેમિકોન ઈન્ડિયા કોન્ફરન્સ ૨૦૨૩માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જેમ સોફ્ટવેરને અપડેટ કરવાની જરૂર છે તેમ પ્રોગ્રામને પણ અપડેટ કરવાની જરૂર છે. આના દ્વારા ઉદ્યોગ, નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓ સાથેના જોડાણો અદ્યતન રહે છે. હું પણ માનું છું કે સંબંધોમાં સુમેળ માટે આ જરૂરી છે.

ગુરુવારે મોડી રાત્રે પીએમમોદીએ ગાંધીનગરના રાજભવનમાં ગુજરાતના મંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સમગ્ર મંત્રી પરિષદ હાજર રહ્યા હતા. રાજભવન ખાતે પીએમ મોદી સાથેની બેઠક દરમિયાન તમામ મંત્રીઓએ વડાપ્રધાનને પોતપોતાના વિભાગો દ્વારા કરવામાં આવતા મોટા કામો વિશે વિગતવાર માહિતી આપી હતી. આ સાથે મંત્રીઓએ મુખ્ય યોજનાઓ, પ્રોજેક્ટ્સ અને ભાવિ યોજનાઓની વિગતો શેર કરી હતી. સેમિકોન ઈન્ડિયા કોન્ફરન્સ-૨૦૨૩માં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે 'આ ઈવેન્ટ સોફ્ટવેર અપડેટ કરવા જેવી છે. જેના દ્વારા ઉદ્યોગ, નિષ્ણાતો અને નીતિ ઘડવૈયાઓ સાથેના સંબંધો અપડેટ કરવામાં આવે છે. મને પણ લાગે છે કે સંબંધોમાં સુમેળ માટે તે જરૂરી છે...' સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ભારતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ યુનિટ ગુજરાતમાં પહેલીવાર ખુલી રહ્યા છે. તે અમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાત સરકાર દ્વારા સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે એક ખાસ અને સમર્પિત સેમિકન્ડક્ટર નીતિ ઘડવામાં આવી છે. અમે ઈચ્છીએ છીએ કે પીએમ મોદી ગુજરાતને સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગાંધીનગરમાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩'માં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીની યુ.એસ.ની મુલાકાત દરમિયાન, ત્રણ મોટા સેમિકન્ડક્ટર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રથમ એક માઈક્રોન ટેકનોલોજી છે. જ્યારે બીજો એપ્લાઈડ મટિરિયલ્સ છે, જે સૌથી જટિલ છે. આ ઉપકરણ કે જે સેમિકન્ડક્ટર ઉત્પાદન કરી શકે છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૩'માં ફોક્સકોનના ચેરમેન યંગ લિયુએ પીએમ મોદી સાથેની તેમની વાતચીતને યાદ કરી અને કહ્યું કે આઈટીનો અર્થ ઈન્ડિયા અને તાઈવાન બંને છે.

### ન્યૂઝ બ્રિફ

## દિલ્હીમાં વિશ્વનું મોટું મ્યુઝિયમ યુગે-યુગીન ભારત બનાવાશે

। નવી દિલ્હી, તા.૨૮ ।

દુનિયાનું સૌથી મોટું મ્યુઝિયમ ટૂંક સમયમાં ભારતમાં બનવા જઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીએ બે દિવસ પહેલા દિલ્હીના પ્રગતિ મેદાનમાં આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશિન કમ કન્વેન્શન સેન્ટર (આઈઈસીસી) પરિસરનું ઉદ્ઘાટન કર્યુ હતું તે દરમિયાન વિશ્વના સૌથી મોટા 'યુગે-યુગીન ભારત' રાષ્ટ્રીય મ્યુઝિયમની જાહેરાત કરી હતી. આ રાષ્ટ્રીય મ્યુઝિયમ ૧.૧૭ લાખ ચોરસ મીટરમાં ફેલાયેલું હશે. હાલમાં ફ્રાન્સમાં લુવર મ્યુઝિયમ વિશ્વનું સૌથી મોટું મ્યુઝિયમ છે. યુગ-યુગીન નામ સંસ્કૃત ભાષામાંથી લેવામાં આવ્યું છે જેનો અર્થ થાય છે 'શાશ્વત અથવા સનાતન ભારત'.આ મ્યુઝિયમની વિશેષતા વિશે વાત કરીએ તો તેમાં આઠ વિષયોના વિભાગો હશે. આ સિવાય ત્રણ માળના આ મ્યુઝિયમમાં ૯૫૦ રૂમ પણ હશે તેમજ એક બેઝમેન્ટ પણ હશે.

### નાણામંત્રી નિર્મલા સીતારમણે ફરી ભારતીયોને મોટી ભેટ આપી

## કંપનીઓ વિદેશી સ્ટોક એક્સચેન્જ-IFSC પર સીધી લિસ્ટેડ થઈ શકશે

**આ નિર્ણય બાદ ભારતીય કંપનીઓ વિદેશમાં જુદા જુદા સ્ટોક માર્કેટ પર પોતાના શેરને લીસ્ટેડ કરવાની સાથે ભંડોળ પણ એકત્ર કરી શકશે**

। નવી દિલ્હી, તા.૨૮ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે ફરી ભારતીયોને મોટી ભેટ આપી છે. જો તમે પણ ભારતમાં બિઝનેસ કરી રહ્યા છો અને પોતાની કંપની છે તો તમારા માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. સીતારમણે કહ્યું કે, ભારતીય કંપનીઓ હવે વિદેશી સ્ટોક એક્સચેન્જ ઉપરાંત અમદાવાદમાં આવેલી ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર (આઈએફએસસી) પર સીધી લિસ્ટેડ થઈ શકશે.



સરકારે આ નિર્ણયની જાહેરાત ત્રણ વર્ષ પહેલા કોવિડ રાહત પ ેકેજ હેઠળ કરી હતી, જેને ત્રણ વર્ષ બાદ મંજૂરી મળી છે. આ નિર્ણય બાદ ભારતીય કંપનીઓ વિદેશમાં જુદા જુદા સ્ટોક માર્કેટ પર પોતાના શેરને લીસ્ટેડ કરવાની સાથે ભંડોળ પણ એકત્ર કરી શકશે. ઉલ્લેખનિય છે કે, વર્ષ ૨૦૨૦માં મહામારી દરમિયાન જાહેર કરાયેલા રોકડ પેકેજ હેઠળ આ મોટા નિર્ણય અંગેનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. સીતારમણે જણાવ્યું કે, સ્થાનિક કંપ નીઓ હવે વિદેશમાં પણ પ્રત્યક્ષરૂપે ઋણપત્ર લિસ્ટેડ કરી શકે છે. મને આ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે, સરકારે IFSC એક્સચેન્જ પર લિસ્ટેડ અને અનલિસ્ટેડ કંપનીઓને ડાયરેક્ટ લિસ્ટિંગ કરવાની મંજૂરી આપવાનો પણ નિર્ણય લીધો છે. સીતારમણે વધુમાં જણાવ્યું કે, સરકાર દ્વારા લેવાયેલો આ મોટો અને મહત્વનો નિર્ણય છે. કારણ કે, આ નિર્ણયથી હવે ભારતીય કંપનીઓને શ્રેષ્ઠ મૂલ્યાંકન સુવિધા મળશે ઉપરાંત વૈશ્વિક મૂડી સુધી પહોંચવામાં પણ મદદ મળશે. નાણામંત્રીએ કોર્પોરેટ બોન્ડ માર્કેટને મજબૂત કરવામાં મદદ કરવા માટે એએમસી રેપો સેટલમેન્ટ અને કોર્પોરેટ ડેટ માર્કેટ ડેવલપમેન્ટ ફંડના લોન્ચિંગ પ્રસંગે એક કાર્યક્રમાં આ બાબત જણાવી હતી.

### જોરદાર પવનને લીધે હોડી પલટી ખાઈ ગઈ

## ફિલિપાઈન્સના સરોવરમાં હોડી પલટી જતાં 30નાં મોતની આશંકા

। મનીલા, તા.૨૮ ।

ફિલિપાઈન્સની રાજધાની મનીલાની નજીકમાં એક સરોવરમાં હોડી પલટી જવાથી ઓછામાં ઓછા ૩૦ લોકોના મોતની આશંકા સેવાઈ રહી છે. અત્યાર સુધી ૪૦ જેટલાં મુસાફરોને બચાવી લેવાયાની માહિતી મળી રહી છે. આ મામલે ફિલિપાઈન કોસ્ટ ગાર્ડ (પીસીજી) એ જણાવ્યું હતું કે બિનનગોનનના બરંગે કલીનાવનથી લગભગ ૫૦ યાર્ડ દૂર આ હોડી પલટી ખાઈ ગઈ હતી. અહેવાલ અનુસાર આ ઘટના રાતે ૧ વાગ્યાની આસપાસ બની હતી. ફિલિપ ાઈન્સ કોસ્ટ ગાર્ડના જણાવ્યા અનુસાર, જોરદાર પવનને કારણે હોડી પલટી ગઈ હતી, જેના કારણે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો.

## ઉગ્રવાદીઓના ફાયરિંગમાં જવાન શહીદ, ચાર ઘાયલ

### કેન્દ્ર સરકાર અને બિરેન સરકાર ઉગ્રવાદીઓ સામે સંપૂર્ણપણે લાચાર, સેનાએ એએફએસપીએની માંગ કરી

। ઈમ્ફાલ, તા.૨૮ ।

દેશનું પુર્વોતર રાજ્ય મણિપુરમાં કુકી અને મૈતેઈ સમાજ વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. આ હિંસાને લીધે રાજ્યમાં ૩૫ હજારથી વધુ સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે તેમ છતાં ઘણા વિસ્તારોમાં સ્થિતિ બેકાબુ બની જાય છે અને નિયમિત અંતરે ગોળીબારના અવાજ સંભળાય છે. આ હિંસા વચ્ચે બિષ્ણુપુરમાં ઉગ્રવાદીઓએ ફરીથી અંધાધૂધ ગોળીબાર કર્યો હતો જેમા એક જવાન શહીદ થયો છે. આ સિવાય બે સમુદાયો વચ્ચે થયેલા ફાયરિંગમાં ચાર લોકો ઘાયલ થયાના સમાચાર સામે આવી ગયા છે. મણિપુરમાં સ્થિતિમાં સુધારો આવી રહ્યો હતો ત્યા જ ૧૯મી જુલાઈની સાંજે એક ટોળા દ્વારા બે મહિલાઓને નગ્ન કરીને પરેડ કરાવવાનો વીડિયો વાયરલ થયો હતો.

### કર્ણાટકના રાજ્યપાલ બેંગલુરૂથી હૈદ્રાબાદ જવાના હતા

## એર એશિયાની ફ્લાઈટ રાજ્યપાલ થાવરચંદ ગેહલોતને લીધા વીના જતી રહી

। બેંગલુરૂ, તા.૨૮ ।

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત બેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ થી હૈદરાબાદ જવા માટે એર એશિયાની ફ્લાઈટ I5972માં ઊડાન ભરવાના હતા. જોકે આ ફ્લાઈટે રાજયપાલને લીધા વગર જ ઊડાન ભરી લીધી હતી. રાજ્યપાલની પ્રોટોકોલ ટીમના એક અધિકારીના જણાવ્યા અનુસાર, રાજ્યપાલ સમયસર વીવીઆઈપી લાઉન્જમાં પહોંચી ગયા હતા અને રાહ જોઈ રહ્યા હતા. રાજ્યપાલની પ્રોટોકોલ ટીમના એક અધિકારીએ જણાવ્યું કે, રાજ્યપાલ ગઈકાલે બપોરે ૧:૩૦ વાગ્યે એરપોર્ટ પહોંચ્યા અને ટર્મિનલ ૧ના વીવીઆઈપીલાઉન્જમાં બેઠા હતા. એરલાઈન્સના ગ્રાઉન્ડ સ્ટાફને તેમના આગમન વિશે જાણ કરવામાં આવી હતી.



## લસણ ચોરીની ઘટનામાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી

। સુરત, તા.૨૮ ।

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ થયેલી લસણ ચોરીની ઘટનામાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે જ ૮૩૬ કિલો લસણનો જથ્થો કબજે કર્યો છે. મહિલા વેપારી અને પાડોશમાં રહેતી મહિલા વચ્ચે ઝઘડો ચાલતો હતો. ત્યારે ઝઘડાની અદાવતમાં પાડોશી મહિલાએ આરોપીઓને ચોરી માટેની ટીપ આપી હતી. સુરતના લિંબાયત વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ થયેલી લસણ ચોરીની ઘટનામાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે જ ૮૩૬ કિલો લસણનો જથ્થો કબજે કર્યો છે. જ્યારે મહિલા સહિત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસને સીસીટીવી ફૂટેજ ના આધારે ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં સફળતા મળી છે.જો કે સુરતમાં બનેલી લસણ ચોરીની આ ઘટનાનો કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.મહિલા વેપારી અને પાડોશમાં રહેતી મહિલા વચ્ચે ઝઘડો ચાલી આવ્યો છે.જે ઝઘડાની અદાવતમાં પાડોશી મહિલા દ્વારા આરોપીઓને ચોરી માટેની ટીપ આપવામાં આવી હતી.

## મોરબી કેસમા નિયુક્ત સરકારી વકીલે રાજીનામું આપી દીધું

। મોરબી, તા.૨૮ ।

મોરબીમાં ૧૩૫ લોકોનો ભોગ લેનાર ઝૂલતા પુલ દુર્ઘટનાને લઈ દેશ આખો હચમચી ગયો હતો. આ દુર્ઘટના કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. જે કેસમાં સરકારી વકીલ સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર એસ. કે. વોરાની નિમણૂક કરાઈ હતી. સ્પેશિયલ પીપી તરીકે એસ.કે.વોરાએ રાજીનામૂં ધરી દીધું છે.મોરબી બ્રિજ દુર્ઘટના કેસમાં નવો વળાંક, કેસમાં નિયુક્ત સરકારી વકીલે આપ્યું રાજીનામું, સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર એસ. કે. વોરાનું રાજીનામું, કામનું ભારણ વધારે હોવાનું કારણ આપી રાજીનામું આપ્યું, રાજકોટના મુખ્ય સરકારી વકીલ તરીકે ફરજ બજાવે છે નોંધનીય છે કે ૧૦, ૧૨, ૨૦૨૨ના રોજ મોરબી ઝૂલતા પુલની દુર્ઘટના કેસમાં સ્પેશિયલ પીપીની નિમણૂક કરવામા આવી હતી. જે કેસમાં કામનું ભારણ વધારે હોવાનું કારણ આગળ ધરી SK વોરાએ રાજીનામું આપી દેતા વધુ એક વખત આ કેસ ચર્ચાનું કારણ બન્યો છે.










સેમિકોન ઈન્ડિયા કોન્ફરન્સ-૨૦૨૩માં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે 'આ ઈવેન્ટ સોફ્ટવેર અપડેટ કરવા જેવી છે. જેના દ્વારા ઉદ્યોગ, નિષ્ણાતો અને નીતિ ઘડવૈયાઓ સાથેના સંબંધો અપડેટ કરવામાં આવે છે. મને પણ લાગે છે કે સંબંધોમાં સુમેળ માટે તે જરૂરી છે...'

## સાણંદમાં જિલ્લા કક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ ઊજવાશે

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં જિલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાણંદના એપીએમસી માર્કેટ યાર્ડ ખાતે કરાશે. જેમાં અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે. એ સ્વાતંત્ર્ય પર્વના ઉજવણી સ્થળની મુલાકાત લઈને આયોજન અને પૂર્વતૈયારીઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું છે. જેમાં આઝાદીના અમૃત મહોત્સવના માહોલમાં સમગ્ર દેશની સાથે સાથે અમદાવાદ જિલ્લો પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે ઉત્સાહિત છે. જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સાણંદમાં એપીએમસી માર્કેટ યાર્ડ ખાતે કરવાનું આયોજન કરાયું છે.સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી માટે સમગ્ર જિલ્લા તંત્ર પ્રયત્નશીલ છે. કલેકટ પ્રવીણા ડી.કે.એ ૧૫ મી ઑગસ્ટની ઉજવણીના સ્થળ – સાણંદની એપીએમસી ખાતે રૂબરૂ મુલાકાત લઈને આયોજન તથા પૂર્વ તૈયારીઓ અંગે બેઠક યોજી હતી.

### રાષ્ટ્રીય સ્તરના સહકારી બોર્ડમાં સભ્ય તરીકે નિમણૂંક

## AMULના શામળ પટેલનો NCELના બોર્ડમાં સમાવેશ કરાયો

। સાબરકાંઠા, તા.૨૮ ।

નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) ની પ્રથમ વાર્ષિક જનરલ બોર્ડ મિટિંગ દિલ્હીમાં શુક્રવારે મળી હતી. નવી દિલ્હીના જનકપુરીમાં આવેલ GCMMF ઝોનલ ઓફિસ ખાતે બેઠકનુ આયોજન કરવામાં આવી હતી. જેમાં GCMMF (અમૂલ) ના ચેરમેન શામળ પટેલની બોર્ડ સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડમાં અમૂલના ચેરમેનને સભ્ય પદ આપવામાં આવ્યુ છે. રાષ્ટ્રીય સ્તરના બોર્ડમાં સ્થાન મળવાને લઈ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનુ ગૌરવ વધ્યુ છે. શામળ પટેલ સાબરડેરીના ચેરમેન છે અને અરવલ્લીના બાયડના પીપોદરા ગામના વતની છે. સાબરડેરીમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ચાર લાખ જેટલા પશુપાલકો જોડાયેલા છે. આમ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશુપાલકોના ગૌરવમાં વધારો થયો છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (AMUL) ના બોર્ડ દ્વારા નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડના સભ્ય તરીકે શામળ પટેલનુ નોમિનેશન મોકલવામાં આવ્યુ હતુ. જ્યાં પ્રથમ એજીએમ મળતા શામળ પટેલને બોર્ડના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તેમના નોમિનેશન પર નાફેડના ચેરમેન અને ઈફકોના જોઈન્ટ એમડીએ સમર્થ આપ્યુ હતુ. આમ સર્વાનુમતે રાષ્ટ્રીય સ્તરની નવા બોર્ડમાં નિમણૂંક કરવામાં આવી હતી. સભ્ય તરીકે નિમણૂંક બાદ શામળ પટેલે કહ્યુ હતુ કે, NCEL કોઈપણ સહકારી અને એફપીઓ દ્વારા કરવામાં આવતા ઉત્પાદનને નિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ પર કામ કાર્ય કરશે. ખાસ કરીને વૈશ્વિક બજારોમાં વિવિધ ઉત્પાદનોની માંગ અને વપરાશની સંભાવનાને અનલોક કરવામાં મદદ મળશે. આમ એકંદરે ખેડૂતોને તેમના ઉત્પાદનના નિકાસની સુવિધા અને માર્કેટિંગ વડે ઉંચી કિંમત મેળવવામાં મદદરુપ નિવડશે. NCEL દેશના મૂલ્યવાન વિદેશી હૂંડિયામણ કમાવવામાં પણ મદદરુપ નિવડશે.

કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરની સહકારી મંડળીની સ્થાપના અંગેની મંજૂરી ગત જાન્યુઆરી માસમાં આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આ મંજૂરી આપી હતી. સરકારે નાની સહકારી મંડળીઓની નિકાસને ટેકો મળી રહે એ માટે થઈને પ્રોત્સાહન આપવા માટે આ અંગેના નિર્ણયની મંજૂરી આપી હતી.

**વિશેષ લેખ** — મિસાઇલમેન વૈજ્ઞાનિક ડો. એ.પી.જે. અબ્દુલ કલામના વ્યક્તિત્વએ વિશ્વને ગૌરવ અપાવ્યું

# 'મિસાઈલમેન ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાતા વૈજ્ઞાનિક ડો. એ.પી.જે. અબ્દુલ કલામનું અનોખું વ્યક્તિત્વ

**..સપનાઓ એ નથી જે તમને રાત્રે ઉંઘમાં આવે, પરંતુ સપનાઓ એ છે જે તમને રાત્રે સૂવા પણ ના દે.' - ડો. એ.પી.જે. અબ્દુલ કલામ**



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

મિસાઈલ મેન'ના નામથી સમગ્ર દુનિયામાં પ્રખ્યાત જાણીતા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ચાર વર્ષ પહેલા૨૭જુલાઈ ના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચારથી સમગ્ર વિશ્વ શોકમાં ડૂબી ગયુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, 'સપનાઓ એ નથી જે તમને રાત્રે ઉંઘમાં આવે, પરંતુ સપનાઓ એ છે જે તમને રાત્રે સૂવા પણ ના દે.' તેમના ઉચ્ચ વિચારો, કઠોર પરિશ્રમ અને કાર્યોને લઈને દુનિયામાં પોતાનું નામ રોશન કરવાનાર ડૉ. કલામે જ્યારે દેશના ૧૧માં રાષ્ટ્રપતિના શપથ લીધા ત્યારે દેશના દરેક વ્યક્તિએ ખુશી મનાવી હતી. ડૉ. કલામનો જન્મ ૧૫ ઓકટોબર ૧૯૩૧ના રોજ રામેશ્વરમાં થયો હતો. તેમનો જન્મ એક સાધારણ પરિવારમાં થયો હતો, જેના લીધે હંમેશા તેમણે પોતાના પરિવારને નાની-માટી મુસીબતો સામે ઝઝૂમતા જોયો હતો, જેથી તેઓ બાળપણથી જ સમજદાર બની ગયા હતા. જ્યારે, તેઓ ૧૯ વર્ષના હતા ત્યારે સમગ્ર વિશ્વ બીજા વિશ્વયુદ્ધની આગમા બળતુ હતુ. ત્યારે એક છાપામાં વિશ્વયુદ્ધમાં મિસાઈલનો ઉપયોગ કરવા વિશેના સમાચાર વાંચીને તેઓએ એરોસ્પેસ વિશે ભણવાનું નક્કી કર્યુ હતુ. જેના અભ્યાસ માટે મદ્રાસમાં ઈન્સટ્યુટ ઑફ ટેકનોલોજીમાં એડમિશન લઈને એરોનોટીકલ એન્જિનિયરીંગનું ભણ્યા. અભ્યાસ પૂર્ણ થયા બાદ વર્ષ ૧૯૬૨માં તેઓ 'ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન'માં જોવ્યા, જ્યા તેઓએ પ્રોજેક્ટ ડાયરેકટર તરીકે ભારતના પહેલા સ્વદેશી ઉપગ્રહ (જીન્ફ તૃતીય)નું પ્રક્ષેપણ કર્યુ. મિશાઈલ મેનના જનક તરીકે જાણીતા ડૉ. કલામએ ઈસરોમાં ૨૦ વર્ષ સુધી કામ કર્યુ, બાદમાં રક્ષા સંરક્ષણ તેમજ વિકાસ સંગઠનમાં પણ લગભગ ૨૦ વર્ષ સુધી કામ કર્યુ. ત્યારબાદ તેમણે રક્ષામંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે પણ કામ કર્યુ અને અગ્નિ, પૃથ્વી જેવી મિસાઈલને સ્વદેશી ટેકનિકથી તૈયાર કરી.

૧૮ જુલાઈ ૨૦૦૨માં કલામ દેશના ૧૧માં રાષ્ટ્રપતિ બન્યા. કલામને ભારતીય જનતા પાર્ટીના સમર્થનવાળી એનડીએ દળના ઉમેદવાર બનાવ્યા, જેનું વિપક્ષની પાર્ટીઓએ પણ સમર્થન કર્યુ. ૨૫ જુલાઈ ૨૦૦૨માં તેમણે સંસદ ભવનમાં રાષ્ટ્રપતિ પદ માટે શપથ લીધા, તેમજ ૨૫ જુલાઈ ૨૦૦૭ના તેમનો કાર્યકાળ પૂર્ણ થયો. તેમનું જીવનએ દરેક વ્યક્તિ માટે આદર્શરૂપ છે ખાસ કરીને યુવાનો માટે અને હંમેશા રહેશે. તેમના જીવનને પ્રેરણા માનીને જીવનમાં ઉતારવા માટે તેમની આત્મકથા 'અગનપંખ'ને આત્મસાત કરવી.

તેમનું મૃત્યુ એ દેશ માટે ન પૂર્ણ કરી શકાય તેવી ખોટ છે, શિલોંગ IIMના એક સેમિનાર દરમ્યાન અચાનક પડી જવાથી તેમનુ મૃત્યુ થયુ હતુ. તેમણે સંપૂર્ણ જીવન દેશભક્તિ અને ઉન્નતિ માટે સમર્પિત કરી દીધુ. ડૉ. કલામને સલામ. તેમનું મૂળ નામ અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ હતું.તેમનો જન્મ



૧૫ ઓક્ટોબર,૧૯૨૧ ના રોજ રામેશ્વરમમાં થયો હતો.માતાનું નામ આશિયામ્મા અને પિતાનું નામ જૈનુલાબ્દીન.પોતાના માતા - પિતાનો પોતાના જીવનમાં શું ફાળો રહ્યો તે વિશે ખુદ કલામે તેમની આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર'માં વિસ્તૃત વર્ણન કર્યું છે. તેઓ ભારતના રાષ્ટ્રપતિ પદે ઈ.સ. ૨૦૦૨ થી ૨૦૦૦ સુધી બિરાજમાન હતા. તેમની અનોખી કાર્યપદ્ધતિને કારણે તેઓ ખૂબ પ્રખ્યાત થયા અને 'જનસામાન્યનાં રાષ્ટ્રપતિ તરીકે લોકચાહના મેળવી.કલામે ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસ સેંટ જોસેફ કોલેજ, તિરુચિરાપલ્લી અને એરોસ્પેસ ઈજનેરીનો અભ્યાસ મદ્રાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (MIT), ચેન્નઈ ખાતેથી કર્યો હતો.રાષ્ટ્રપતિ બન્યા. પહેલા કારકિર્દીના શરૂઆતના ચાર દશકમાં તેઓ એક વૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક પ્રશાસકના રૂપમાં મુખ્યત્વે સંરક્ષણઅને વિકાસ સંગઠન (ડી.આર.ડી.ઓ) તેમજ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો) ખાતે કાર્યરત રહીભારતના અંતરિક્ષ કાર્યક્રમ તેમજ મિસાઈલ વિકાસ પ્રકલ્પ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હતા. બેલેસ્ટીક મિસાઈલ અને પ્રક્ષેપણ વાહન પ્રૌદ્યોગિકીના વિકાસમાં તેમના પ્રદાન બદલ તેઓ 'મિસાઈલમેન ઓફ ઈન્ડિયા' તરીકેઓળખાય છે.૧૯૯૮ના પોખરણ પરમાણુ પરિક્ષણ કાર્યક્રમમાં તેમને મહત્વની ભૂમિકા ભજવી હતી.૧૯૯૮માં તેમણે હૃદયરોગ નિષ્ણાત ભૂપતિરાજુ સોમરાજુ સાથે મળીને ઓછી કિંમતના કોરોનરી સ્ટેન્ટ વિકસિત કર્યા જે કલામ-રાજુ સ્ટેન્ટ તરીકે ઓળખાય છે.કલામે તેમના પુસ્તક 'ઈન્ડિયા ૨૦૨૦'માં ભારતને જ્ઞાન - મહાશક્તિ અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રખર હિમાયત કરી છે.ભારત સરકારે તેમના ઈસરો અને ડી.આર. ડી.ઓ.માં કરેલા કાર્યો તથા ભારત સરકારના વિજ્ઞાન સલાહકાર તરીકેની સેવાઓ બદલ વર્ષ ૧૯૮૧માં તેમને પદ્મભૂષણ અને ૧૯૯૦માં પદ્મવિભૂષણથી નવાજ્યા.૧૯૯૭માં તેમને વૈજ્ઞાનિક સંશોધન અને ભારતની સંરક્ષણ તકનિકીના આધુનિકિકરણમાં તેમણે કરેલા યોગદાન માટે ભારતના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માનવામાં આવ્યા હતા. તેમને ૪૦ વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ)માંથી માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી. મેઘાલય રાજ્યના પાટનગર શિલોંગ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ શિલોંગમાં વ્યાખ્યાન આપતી વખતેહૃદય રોગના હુમલાને કારણે ૨૭ જુલાઈ,૨૦૧૫ના દિવસે ૮૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.

હિન્દુસ્તાનના પ્રથમ રોકેટ એસએલવે-૩ને બનાવવામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. પોલર સૈટેલાઈટ લોન્ચ વેહિકલ (પીએસએલવી) બનાવવામાં તેમની મુખ્ય ભૂમિકા હતી. હિન્દુસ્તાનના પ્રથમ મિસાઈલ પૃથ્વી મિસાઈલ અને પછી ત્યારબાદ અગ્નિન મિસાઈલને બનાવવામાં પણ ડોક્ટર કલામનુ મુખ્ય યોગદાન રહ્યુ છે. મિસાઈલ મેનના રૂપમાં ઓળખ બનાવનારા પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામ પાયલોટ બનવા માંગતા હતા. પણ તેઓ પોતાના સપનાના એકદમ નિકટ પહોંચીને ચૂકી ગયા હતા. ઈંડિયન એયરફોર્સમાં એ સમયે ૮ સ્થાનો ખાલી હતા અને ઈંટરવ્યુમાં કલામનો નંબર નવમો હતો. કલામે આ વાતનો ઉલ્લેખ પોતાનુ પુસ્તક 'માય જર્ની : ટ્રાંસફોર્મિંગ ડ્રીમ્સ ઈંટ્ એક્શંસ' માં કર્યો હતો. મદ્રાસ ટેકનિકલ ઈંસ્ટિટ્યૂટથી એરોનૉટિકલ ઈંજિનિયરિંગનો અભ્યાસ કરનારા કલામે પોતાના પુસ્તકમાં લખ્યુ હતુ કે તેમના ઉપર પાયલોટ બનવાનુ ઝનૂન હતુ. તેમણે લખ્યુ હતુ, 'મારુ સપનું હતુ કે હવામાં ખૂબ જ ઉંચી ઉડાન દરમિયાન મશીનને કંટ્રોલ કરુ' કલામને ઈંટરવ્યુ માટે બે સ્થાનો પરથી કોલ આવ્યો હતો - પહેલો દેહરાદૂનમાં ઈંડિયન એયરફોર્સની તરફથી અને બીજો દિલ્હીમાં ડિફેંસ મિનિસ્ટ્રીના તકનીકી વિકાસ અને ઉત્પાદન નિદેશાલય (DTDP) તરફથી. કલામે લખ્યુ છે કે DTDPનો ઈંટરવ્યુ સહેલો હતો પણ એયરફોર્સનો ઈંટરવ્યુ બોર્ડ કેડિડેટ્સમાં ખાસ પ્રકારની કાબેલિયત બતાડવા માંગતા હતા. ત્યા ૨૫ ઉમેદવારોમાંથી કલામ ૯માં નંબર પર રહ્યા.

ન્યૂઝ બ્રિફ

## જુલાઈ ઈતિહાસમાં વિશ્વમાં સૌથી ગરમ મહિનો રહ્યો



। નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ઘણી વખત જુલાઈ મહિના સુધી ભારે ગરમીનો અનુભવ થતો જોવા મળ્યો છે પરંતુ આ વખતે ખાસ આ વિસ્તારોમાં ભારે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો નથી પરંતુ આ વખતે વિશ્વના ઠંડા રહેતા વિસ્તારોને આ ભારે ગરમીની ઝપેટમાં આવી ગયા છે. જેના કારણે આ વર્ષે જુલાઈ મહિનો અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી ગરમ રહ્યો છે. આ મહિનો પૂરો હજુ પૂરો નથી થયો પરંતુ તે પહેલા જ તેને અત્યાર સુધીની સૌથી ગરમ જુલાઈની ઉપાધી મળી ગઈ છે. સમગ્ર વિશ્વમાં ગરમીએ રેકોર્ડ તોડી નાખ્યા છે. જેના કારણે ઉત્તર અમેરિકા, ચીન અને યુરોપ જેવા દેશોમાં ઓછી ગરમી વાળા વિસ્તારો ખરાબ હાલતમાં છે. ઘણી જગ્યાએ તાપમાન ૫૦ ડિગ્રીની નજીક પહોંચી જતાં લોકો હીટ સ્ટ્રોકથી પરેશાન પણ થયા હતા.

## સીરિયામાં શિયા ધાર્મિક સ્થળ પાસે બોમ્બ વિસ્ફોટ : છનાં મોત



। દમિશ્ક, તા.૨૮ ।

વિશ્વમાં ટોપ-૩ સૌથી ખતરનાક દેશોની વાત કરવામાં આવે તો તેમાં સીરિયાનું નામ પણ આવે છે... આતંકવાદના કારણે સીરિયામાં હંમેશા વિકટ સ્થિતિ રહેતી હોય છે. સીરિયામાં અવારનવાર આતંકવાદી પ્રવૃત્તિઓની ઘટનાઓ સામે આવતી રહી છે. ત્યારે ફરી એકવાર સીરિયામાં આતંકીઓની ગંભીર કરતુત સામે આવી છે. સીરિયામાં જોરદાર બોમ્બ વિસ્ફોટ થયો હોવાના અહેવાલો મળ્યા છે... સીરિયાના સૌથી પ્રસિદ્ધ શિયા ધાર્મિક સ્થળ દમિશ્કના સૈયદા જૈનબ મકબરા પાસે બ્લાસ્ટ કરવામાં આવ્યો છે. ગઈકાલે બનેલી આ ઘટનામાં ૬ લોકોના મોત થયાના અહેવાલો છે, જ્યારે ૪૬થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૨૦ લોકોને સ્થળ પર જ સારવાર અપાઈ છે.

## હિમાલય પર ૬૦ કરોડ વર્ષ જૂના દરિયાઈ પાણીની શોધ



। નવી દિલ્હી, તા.૨૮ ।

હિમાલયની પર્વતમાળા વિશે દુનિયામાં ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે જે નહીં જાણતી હોય. તેમાં દુનિયાનું સૌથી ઊંચુ શિખર માઉન્ટ એવરેસ્ટ પણ આવેલું છે. જે મોટાભાગે ચર્ચામાં રહે છે. પરંતુ આ વખતે હિમાલય એક નવા કારણસર ચર્ચામાં છે. મામલો એવો છે કે ભારતની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (આઈઆઈએસસી) અને જાપાનની નિગાટા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ સાથે મળીને હિમાલય પર આશરે ૬૦ કરોડ વર્ષ જૂના દરિયાઈ પાણીની શોધ કરી છે. દરિયાઈ પાણીના આ ટીપાં ખનિજમાં મળી આવ્યા હતા. જે દર્શાવે છે કે આશરે ૬૦ કરોડ વર્ષ પૂર્વે અહીં કોઈ મહાસાગરનું અસ્તિત્વ હશે.



પટના મહિલા કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય ટાઇગર ડેના એક દિવસ પહેલા પોતાના ફેસ પર ટાઇગરનું પેઇન્ટિંગ કરી સ્પર્ધા ભાગ લીધું હતું.

### દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને લઈને ખુલાસો

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પછાત વર્ગના છાત્રો સાથે ભેદભાવ થાય છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

અમુક દિવસો પહેલાં આઈઆઈટીહૈદાબાદના એક વિદ્યાર્થીએ બેકલોગ એક્ઝામ પાસ ન કરી શકવાને કારણે સમુદ્રમાં ડૂબી આપઘાત કરી લીધો હતો. તે ૧૭ જુલાઈથી ગુમ હતો. ૧૯ જુલાઈના સીસીટીવી ફૂટેજમાં તે સમુદ્રના ખતરનાક કિનારે જોવા મળ્યો હતો. તેના પછી ૨૦ જુલાઈએ તેનો શબ મળ્યો જેની ઓળખ થઈ ચૂકી છે. આપઘાત કરનાર વિદ્યાર્થી નલગોંડાનો વતની હતો. તેની નામ ધનવત કાર્તિક હતું. ધનવત કાર્તિક જેવા અનેક વિદ્યાર્થીઓ છે જેઓ આદિવાસી કે અનુસૂચિત જાતિથી તરી આવે છે અને આઈઆઈટી-આઈઆઈએમજેવા સંસ્થાનોમાં એડમિશન મેળવી લે છે. જોકે તેમને અનામતનો લાભ મળ્યો હોવાથી તેમની સાથે સાથી વિદ્યાર્થીઓ દ્વારા ક્યારેક ક્યારેક ખોટું વર્તન કે ભેદભાવ કરવામાં આવે છે. જેને તેઓ સહન નથી કરી શકતા. તેના કારણે તેઓ કાં તો સંસ્થાન કે અભ્યાસ છોડી દે કે પછી દુનિયા જ છોડી દે છે. ડિસેમ્બર ૨૦૨૧માં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં એક સવાલના જવાબમાં માહિતી આપી હતી કે ૨૦૧૪થી ૨૦૨૧ વચ્ચે કેન્દ્રના ફંડથી ચાલતી હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં કુલ ૧૨૨ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યા હતા. તેમાં કુલ ૨૪ વિદ્યાર્થીઓ અનુસૂચિત જાતિથી હતા.

# ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ ગગનયાન મિશનની તૈયારી શરુ

### ઈસરો દ્વારા ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણ કક્ષામાં મોકલાશે

। બેંગલુરૂ, તા.૨૮ ।

ઈસરોએ ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ હવે ગગનયાન મિશનની તૈયારી શરુ કરી દીધી છે. આ મિશન માટે ગઈકાલે ઈસરોએ સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ૪૪૦ ન્યૂટન થ્રસ્ટ સાથે પાંચ લિક્વિડ એપોજી મોટર્સ (એલએએમ) અને ૧૦૦ ન્યૂટન થ્રસ્ટ સાથે ૧૬ રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (આરસીએસ) થ્રસ્ટર્સનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને ત્યારબાદ તેને ભારતીય પ્રાદેશિક જળસીમામાં સુરક્ષિત રીતે પૃથ્વી પર ઉતારવામાં આવશે. આ મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે. આ મિશન માટે અવકાશયાત્રીઓની પસંદગી કરવાનું કામ ભારતીય વાયુસેનાને આપવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ પછી ઈસરોનું ગગનયાન મિશન ઘણી રીતે ભારત માટે ખાસ હશે.

ઈસરોઆ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (લીયો)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ઈસરોનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો



દાવો છે કે સુરક્ષાની દૃષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે. આમાં એર ડ્રોપ ટેસ્ટ (આઈએડીટી), પેડ એબોર્ટ ટેસ્ટ (પીએટી) અને ટેસ્ટ વ્હીકલ (ટીવી) ફ્લાઈટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ઈસરોએ ડીઆરડીઓઅને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ઈસરોઅવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે.

ગગનયાનને ઈસરોના રોકેટ એલવીએમ-૩થી લોન્ચ કરવામાં આવશે. તેને બાહુબલી રોકેટ પણ કહેવામાં આવે છે. આ પહેલા ઓક્ટોબર ૨૦૨૨માં એલવીએમ-૩ રોકેટે ૩૬ ઉપગ્રહો સાથે ઉડાન ભરી હતી. ઈસરોદ્વારા બનાવવામાં આવેલ સૌથી શક્તિશાળી રોકેટ લોન્ચર છે. આ રોકેટ ત્રણ તબક્કામાં કામ કરે છે. તેના પ્રથમ તબક્કામાં, થ્રસ્ટ માટે બે ઘન ઈંધણ બૂસ્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સિવાય કોર થ્રસ્ટ માટે લિક્વિડ બૂસ્ટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. આ રોકેટથી ચંદ્રયાન-૩ પણ લોન્ચ કરવામાં આવ્યું છે. એલવીએમ-૩ રોકેટમાં ફેરફાર કરીને તેને ગગનયાન મિશન માટે માનવરહિત બનાવવામાં આવ્યું છે. એલવીએમ-૩ના ઉપરના ભાગમાં ક્રૂ એસ્કેપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે જેથી કરીને કોઈપણ કટોકટીની સ્થિતિમાં અવકાશયાત્રીને બચાવી શકાય.

### ઓગસ્ટ મહિનાથી કેટલાક ફેરફાર જોવા મળશે

## LPG-PNGના ભાવમાં ફેરફાર, આઈટી રિટર્ન નહીં ભરનારને પેનલ્ટી લાગશે

### ઓગસ્ટમાં રક્ષાબંધન, મોહરમ અને ઘણા અન્ય તહેવારોના કારણે અલગ-અલગ રાજ્યોમાં બેન્ક ૧૪ દિવસ બંધ રહેશે

। નવી દિલ્હી, તા.૨૮ ।

દરેક નવા મહિનાની શરૂઆત સાથે જ અમુક પરિવર્તન પણ થાય છે. ઓગસ્ટમાં પણ અમુક આવા જ પરિવર્તન થવાના છે, જેની આપણા ખિસ્સા અને માસિક બજેટ પર સીધી અસર પડશે. જુલાઈનો મહિનો પૂરો થવાનો છે. ચાર દિવસ બાદ ઓગસ્ટ મહિનો શરૂ થવાનો છે. ૧ ઓગસ્ટથી રૂપિયા સંબંધિત કેટલાક નિયમોમાં પરિવર્તન થવાનું છે. જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડવાની છે. સરકાર તરફથી દર મહિનાની શરૂઆતમાં એલપીજીના ભાવ નક્કી કરવામાં આવે છે. સરકારી ઓયલ કંપનીઓ એલપીજી સિલિન્ડરની સાથે-સાથે કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં પણ પરિવર્તન કરી શકે છે. આ કંપનીઓ દર મહિનાની ૧ અને ૧૬ તારીખે એલપીજીની કિંમતમાં પરિવર્તન કરે છે. આ સિવાય પાઈપ્સ નેચરલ ગેસ (પીએનજી) અને કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) ની કિંમતમાં પણ પરિવર્તન થઈ શકે છે. આગામી મહિને ઘણા તહેવાર આવી રહ્યા છે. ઓગસ્ટ મહિનામાં બેંકોમાં રજાઓ ખૂબ જ છે. રક્ષાબંધન, મોહરમ અને ઘણા અન્ય તહેવારોના કારણે અલગ-અલગ રાજ્યોમાં બેંક કુલ ૧૪ દિવસ બંધ રહેશે. સાથે જ શનિવાર અને રવિવારની રજાઓ પણ સામેલ છે. તમે રિઝર્વ બેંકની સત્તાવાર વેબસાઈટ પર જઈને બેંક રજાઓની યાદીને ચેક કરી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઈનકમ ટેક્સ રિટર્ન દાખલ કરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૩ છે. આ અંતિમ તારીખ તે ટેક્સપેયર્સ માટે છે જેમણે પોતાના એકાઉન્ટને ઓડિટ કરાવ્યુ નથી. જો તમે આ તારીખ સુધી આઈટીઆર ફાઈલ નહીં કરો તો તમારે દંડ ભરવો પડી શકે છે. ટેક્સપેયર્સે મોડેથી આઈટીઆર ફાઈલ કરવા પર ૧,૦૦૦ રૂપિયા અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ આપવો પડી શકે છે.

### સપ્તાહના અંતિમ કારોબારી દિવસે શેરબજારમાં કડાકો

## સેન્સેક્સમાં ૧૦૭ અને નિફ્ટીમાં ૧૪ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો

### બેન્કિંગ અને આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગના કારણે શેરબજારમાં આવો સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો

। મુંબઈ, તા.૨૮ ।

સપ્તાહના અંતિમ કારોબારી દિવસે પણ ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ થયું છે. ગુરુવારે પણ સેન્સેક્સમાં ૪૪૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. આજે દિવસની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી અને દિવસભર આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો હતો. આજે ઘટાડા બાદ બીએસઈ માર્કેટ કેપ ૩૦૪.૧૦ લાખ કરોડ થયું છે. જે ગઈકાલના કારોબારી દિવસના અંતે ૩૦૩.૫૯ લાખ કરોડ રૂપિયા હતું.

ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ આજે ૧૦૬.૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ૬૬,૧૬૦.૨૦ પોઈન્ટ અને નિફ્ટી ૧૩.૮૫ પોઈન્ટ ઘટીને ૧૯,૬૪૬.૦૫ પોઈન્ટ પર બંધ રહ્યા હતા. બેંક નિફ્ટી ૨૧૧.૨૦ પોઈન્ટના ઘટાડા સાથે ૪૫,૪૬૮.૧૦ પોઈન્ટ પર બંધ રહી. છેલ્લા કારોબારી દિવસે ભારતીય શેરબજાર ફરીથી પ્રોફિટ બુકિંગના કારણે ઘટાડા સાથે બંધ



થયું હતું. બેંકિંગ અને આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગના કારણે માર્કેટમાં આ ઘટાડો જોવા મળ્યો છે. જો કે મિડ કેપ અને એફએમસીજી સેક્ટરના શેરોમાં ખરીદારી જોવા મળી. આજના કારોબારમાં બેંકિંગ, ઓટો, આઈટી સેક્ટરના શેરો વધીને બંધ થયા હતા. જ્યારે ફાર્મા, મેટલ્સ, એનર્જી, એફએમસીજી, મીડિયા, રિયલ એસ્ટેટ, કન્ઝ્યુર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરોમાં ખરીદારી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરો ઉછાળા સાથે બંધ થયા હતા. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬ વધ્યા અને ૧૪ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૯ શેર વધીને અને ૨૧ ઘટીને બંધ રહ્યા હતા. આજે ૧૧૭૪ શેર વધ્યા, ૧૬૪૧ શેર ઘટ્યા અને ૧૬૩ શેર ઘટ્યા હતા. બજાજ ફિનસર્વ, એચડીએફસી બેંક, બીપીસીએલ, ટાટા મોટર્સ અને એચસીએલ ટેકનોલોજી આજે નિફ્ટીના ટોચના ઘટનારા શેર્સ હતા, જ્યારે એનટીપીસી, પાવર ગ્રિડ કોર્પોરેશન, અપોલો હોસ્પિટલ્સ, અદાણી એન્ટરપ્રાઈઝ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોચના વધનારા શેર્સ હતા. પાવર અને રિયલ્ટી સેક્ટર ૨ ટકા વધ્યા, જ્યારે મેટલ, કેપિટલ ગુડ્સ અને હેલ્થકેર સેક્ટરના શેર ૦.૪ ટકા સુધી વધ્યા હતા. જ્યારે બેંકિંગ, ઓઈલ એન્ડ ગેસ, ઈન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજીના શેર્સમાં વેચવાલી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા વધ્યા હતા. શેરબજારમાં ઘટાડો થયો હોવા છતાં રોકાણકારોની સંપત્તિમાં તેજી આવી છે.

## એઆઈથી ૨૦૩૦ સુધીમાં મહિલાઓની નોકરીને જોખમ

। નવી દિલ્હી, તા.૨૮ ।

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શોધ થઈ ત્યારથી, તેને મનુષ્યના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે તે માનવ મૂલ્યો માટે બિલકુલ યોગ્ય નથી. આ ઉપરાંત પણ એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એઆઈઆવ્યા પછી પુરુષો કરતાં વધુ મહિલાઓની નોકરી ગુમાવવાનું જોખમ ઉભું થયું છે. આ અભ્યાસ અનુસાર, એઆઈટૂલ્સ ચેટજીપીટીવર્ષ ૨૦૩૦ સુધીમાં મોટાભાગની મહિલાઓની નોકરીઓનું સ્થાન લઈ શકે છે. આ અભ્યાસ મેકેન્સી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટદ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં દર્શાવવામાં આવ્યું છે કે દર દસમાંથી આઠ મહિલાઓને કંપની બદલવી પડશે અથવા એઆઈને કારણે તેમને નોકરી ગુમાવવી પડશે. અભ્યાસ મુજબ, કાર્યસ્થળમાં ઓટોમેશન અને એઆઈની હાજરીને કારણે આ જોખમી પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે. એક અર્થશાસ્ત્રીના જણાવ્યા અનુસાર, એઆઈની અસર લઘુત્તમ વેતનની નોકરીઓ પર ખાસ કરીને મજબૂત હશે, જ્યાં મહિલાઓની સંખ્યા પુરુષો કરતાં વધુ છે. ઉદાહરણ તરીકે, ઓફિસોમાં સહાયક તરીકે મહિલાઓની સંખ્યા ઘણી વધારે છે. આ સિવાય ગ્રાહક સેવાઓમાં મહિલાઓની સંખ્યા વધુ છે.

### ભારત સસ્તી દવા ઉત્પાદન કરતો દેશ હોવાની માન્યતા

## ભારતે ઈરાક મોકલેલી શરદીની દવામાં ઝેરી રસાયણ મળી આવ્યા

### ઈરાક એક્સપોર્ટ કરવામાં આવેલા શરદીના સિરપની ચકાસણી કરવામાં આવી ત્યારે ચોંકાવનારી વિગત મળી

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત દુનિયામાં સૌથી સસ્તા દરે દવા ઉત્પાદન કરતો દેશ ગણાય છે જેના કારણે ઘણા ગરીબ દેશો મેડ ઈન ઈન્ડિયા દવાઓ પર આધાર રાખે છે. પરંતુ તાજેતરમાં કેટલીક દવાઓ જોખમી સાબિત થઈ રહી છે જેના કારણે તેની ગુણવત્તા સામે સવાલ ઉઠ્યા છે. તાજેતરમાં ભારતે ઈરાક મોકલેલી શરદીની દવામાં ઝેરી રસાયણો હોવાનું બહાર આવ્યું છે. ઈરાક એક્સપોર્ટ કરવામાં આવેલા શરદીના સિરપની ચકાસણી કરવામાં આવી ત્યારે આ ચોંકાવનારી વિગત મળી છે. થોડા સમય અગાઉ કેટલાક દેશોમાં ભારતીય કફ સિરપના કારણે બાળકોના મોત થયા હોવાના અહેવાલ આવ્યા હતા, પરંતુ તેને પુષ્ટિ મળી ન હતી. ઈરાકમાં વેચાઈ રહેલા ભારતીય શરદીના સિરપની તપાસ કરવામાં આવી ત્યારે તેમાં ૨.૧ ટકા ઈથાઈલિન ગ્લાઈકોલ મળી આવ્યું હતું જે વિશ્વ સ્તરે સ્વીકાર્ય લિમિટ કરતા ૨૧ ગણું વધારે હતું. આ કમ્પાઉન્ડ નાના પ્રમાણમાં લેવામાં આવે તો પણ માનવી માટે જીવલેણ સાબિત થઈ શકે છે. ગયા વર્ષે ગામ્બિયા અને ઉઝબેકિસ્તાનમાં ૨૦૦થી વધારે બાળકોના મોત પાછળ પણ આ રસાયણ જવાબદાર ગણવામાં આવે છે.

### કેરળની મહિલાઓ કચરો ઊપાડવાનું કામ કરે છે

## ઊધારના ૨૫૦ રૂપિયાના મદદથી લોટરી ખરીદી, ૧૦ કરોડ જીત્યા

### આ મહિલાઓએ કહ્યું કે, તેઓ જાણતાં નહોતાં કે લોટરી ખરીદ્યા બાદ તેઓ રાતોરાત કરોડપતિ બની જશે

। પરાપન્નાગાડી, તા.૨૮ ।

અહીં ૧૧ મહિલાઓના નસીબ માત્ર ઉધારના રુપિયે ચમકી ગયા હતા. આ મહિલાઓ પાસે ૨૫૦ રુપિયા પણ નહોતા અને હવે તેઓ કરોડપતિ બની ગઈ છે. આ મહિલાઓ કચરો ઉપાડવાનું કામ કરે છે. આ તમામ મહિલાઓએ ૩૫૦ રુપિયા એકઠા કર્યા અને પછી લોટરી ખરીદી હતી. આ લોટરીની ટિકિટે હવે તેમને કરોડપતિ બનાવી દીધા છે. આ તમામ મહિલાઓનું નસીબ ખરેખર ઉધારના રુપિયે બદલાઈ ગયુ હતુ. હવે તેઓ ૧૦ કરોડોની લોટરી જીત્યા છે.

આ તમામ મહિલાઓ હરિત ફર્મ સેના સાથે સંકળાયેલી છે. હરિત ફર્મ સેના કેરળની પરાપન્નાગાડી નગરપાલિકા હેઠળ કચરો ઉપાડવાનું કામ કરે છે. આ જ કંપનીમા આ મહિલાઓ પણ કામ કરે છે.

થોડા સમય પહેલાં માત્ર ૨૫૦ રુપિયા માટે લોકો પાસે ઉધાર માગતી આ મહિલાઓને ખબર નહોતી કે તેમનું નસીબ બદલાઈ જશે અને તેઓ કરોડપતિ બની જશે. લોટરી જીત્યા બાદ આ મહિલાઓએ કહ્યું કે, તેઓ જાણતા નહોતા કે લોટરી ખરીદ્યા બાદ તેઓ રાતોરાત કરોડપતિ બની જશે. કેટલાંક લોકોના ખિસ્સામાં તો ૨૫ રુપિયા પણ નહોતા.

## તંત્રી લેખ...

# તથ્યકાંડ અને હાઇકોર્ટની ઝાટકણી બાદ ટ્રાફિક પોલીસ પણ એલર્ટ પર

તથ્ય કેસ તેમજ હાઈકોર્ટની ઝાટકણી બાદ સફાળી જાગેલી ટ્રાફિક પોલીસ હવે રાત્રે પણ ટ્રાફિક નિયમન કરશે. ખાસ કરીને એસ.જી. હાઈવે, સિંધુભવન રોડ, ગુજરાત યુનિવર્સિટી રોડ, નરોડાથી નારોલ, એસપી રિંગ રોડ પર બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પોલીસે શરૂ કરેલી એક મહિનાની વિશેષ ડ્રાઈવના પાંચમાં દિવસે ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૯૦ તેમજ ટ્રાફિકને અડચણ થાય તે રીતે મુકાયેલાં વાહનો સામે ૨૫૦ કેસ કરી ૯ લાખથી વધુ દંડ વસૂલ્યો છે. ૫ દિવસમાં ૧૫૦૦થી વધારે કેસ કરવામાં આવ્યા છે.

અત્યાર સુધી ટ્રાફિક પોલીસની ડ્યૂટી રાત્રે ૧૧ વાગ્યા સુધીની હતી. પરંતુ હવે રાત્રે પણ ટ્રાફિક પોલીસ ડ્યૂટી પર જોવા મળશે. ૫ દિવસની ડ્રાઈવમાં ઓવરસ્પીડના ૪૦૦, ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૯૦, રેસ-સ્ટંટના ૪૦ કેસ નોંધવામાં આવ્યા છે. આ ઉપરાંત પોલીસે ટ્રાફિકને અડચણ થાય તે રીતે રોડ પર પાર્ક કરવામાં આવેલા વાહનો ટો કરવાનું તેમજ લોક મારવાનું શરૂ કરી દીધું છે. ગુરુવારે એસ.જી. હાઈવે ઉપરાંત સીજી રોડ, નારણપુરા ચાર રસ્તાથી શાસ્ત્રીનગરથી હાઈકોર્ટ સુધી ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. અનેક સ્થળે રોડ પર પાર્ક કરવામાં આવેલાં વાહનોને લોક મારી દેવામાં આવ્યું હતું.

દરમિયાન ગેરકાયદે પાર્કિંગ અને લારી ગલ્લા સામે કોર્પોરેશનના વિવિધ ઝોને હાથ ધરેલી કાર્યવાહીમાં કર્ણાવતી ક્લબ સામે ગેરકાયદે પાર્ક કરાયેલા ૯ વાહનને લોક મારી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. પશ્ચિમ ઝોનમાં સંખ્યાબંધ લારી ગલ્લા ઉઠાવી લેવામાં આવ્યાં હતાં. આ ઝોનમાં ૧૦૦થી વધુ વાહનો લોક કરી દંડ વસૂલાયો હતો. દક્ષિણ-પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગે ઈસ્કોન સર્કલથી ઉજાલા સર્કલ સુધી ૨૭ કોમર્શિયલ એકમોને નોટિસ આપી યોગ્ય રીતે વાહનો પાર્ક કરવાની તાકીદ કરી છે. પશ્ચિમ ઝોનના સરદાર પટેલના બાવલાથી નારણપુરા ચાર રસ્તા તેમજ પરિમલ અંડરપાસથી સીજી રોડ તરફ ૧૨ વાહન લોક કરાયાં હતાં. તેમજ લારી-ગલ્લાના દબાણ દૂર કરાયા હતા. સીજી રોડ પર ૩૧ વાહન સીઝ કરાયાં હતાં. સ્ટેડિયમ પાસે ૬ લારી-ગલ્લાં ઉઠાવી લેવામાં આવ્યાં હતાં.

# શું સ્વર્ગ અને મુક્તિ ખૂબ સુગમ અને સસ્તાં છે ? ઘણીવાર એવી દુવિધા જોવામાં આવે છે જેમાં પ્રતિપાદન અને નિષ્કર્ષ વચ્ચે જમીન-આસમાનનો ફરક હોય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા





સમાજની આધાર એ બાબત પર છે કે મનુષ્યો વચ્ચે આપસમાં સદભાવના અને સહકારનાં સૂત્રો સુદૃઢ રહે. સામૂહિક પ્રગતિના પથ પર ચાલવાનું અને સુખશાંતિની પરિસ્થિતિ ટકાવી રાખવાનું આ જ વાતાવરણમાં શક્ય બને છે. સમાજ વ્યક્તિઓનો સમૂહ છે. વ્યક્તિઓ સારી રહેશે તો તેમના થી બનેલો સમુદાય પણ સમુન્નત અને વિકસિત દેખાશે. વ્યક્તિએ સજ્જન અને સુસંસ્કારી બની રહેવા માટે કર્મ ફળની સુનિશ્ચિતતાનું તત્ત્વદર્શન દરેકની આસ્થાઓમાં ઊંડે સુધી સ્થાપિત કરવું જોઈએ. કર્મફળના સમર્થનમાં હજારો તર્ક, તથ્ય અને પ્રમાણ મોજૂદ છે, પરંતુ તેમાં એક માત્ર ખામી રહેલી હોય છે કે અપવાદ સ્વરૂપે ઘણી વખત સારાં કર્મોનું સારું પરિણામ અને ખરાબ કર્મોનું ખરાબ પરિણામ મળવામાં વિલંબ થઈ જાય છે. આ વિલંબમાં જ ટૂંકી બુદ્ધિવાળા લોકો પોતાનું ધૈર્ય ખોઈ બેસે છે અને આસ્થા વગરના બની જાય છે. આને બાળબુદ્ધિની ક્ષુદ્રતા અને વિવેકહીનતાનો અભિશાપ જ કહી શકાય. આ ઉતાવળ જીવનની દિશાધારાને અવળા માર્ગે વાળવાનું ખાસ કારણ બનતી જોવામાં આવે છે. તેથી આ મનઃસ્થિતિની શાસ્ત્રકારોએ તીવ્ર નિંદા કરી છે.

'નાસ્તિકતા'નો સામાન્ય અર્થ ઈશ્વરને ન માનવું એવો કરવામાં આવે છે અને કોઈને નાસ્તિક કહેવું એટલે તેની સદાશયતા પર લાંછન લગાડવું એમ સમજવામાં આવે છે. ઈશ્વરને માનવા કે ન માનવાથી તેના અનુદાનમાં કોઈ ફરક નથી પડતો.તો પછી નાસ્તિકતાની આટલી તીવ્ર આલોચના શા માટે? તેની તાત્ત્વિક વિવેચના કરતાં એક જ નિષ્કર્ષ નીકળે છે કે ઈશ્વરને ન માનવાનો અહં મુખ્યત્વે ઈશ્વરના કર્મફળની વ્યવસ્થા માટે આસ્થા (શ્રદ્ધા) નહીં રાખવી તે છે. પૂજાપાઠ કરવા અને ઈશ્વરનાં ગુણગાન ગાવા છતાં પણ જો કોઈ કર્મફળના ક્રમને જૂઠું માને તો ભજન-પૂજન કરતા રહેવા છતાં પણ તેને નાસ્તિક જ કહેવો જોઈએ. તેનાથી વિરુદ્ધ કોઈ વ્યક્તિ ઈશ્વરની ચર્ચા નથી કરતો, પરંતુ કર્મળના અનુશાસનને સુનિશ્ચિત માનીને પોતાની પ્રવૃત્તિઓને સજ્જનોચિત રાખે તો તાત્ત્વિક દૃષ્ટિએ તેને આસ્તિક કહેવો જોઈએ. 'અસ્તિ' અને 'નાસ્તિ'નો સામાન્ય અર્થ ઈશ્વર છે અને નથી તેવો સમજવામાં આવે છે, પરંતુ આ છીછરો અર્થ છે. ખરો અર્થ છે કર્મવ્યવસ્થા સુનિશ્ચિત છે કે નહીં. આસ્તિક તે છે જે કર્મફળની ચોક્કસ ઈશ્વરીય વ્યવસ્થા પર વિશ્વાસ કરી, પોતાનું હિત કે અહિત નિશ્ચિત કરે છે.તેવો માણસ ગંદકીથી બચનાર,ચરિત્ર નિષ્ઠ, ઉદાર,પરમાર્થ પરાયણ અને સમાજ નિષ્ટ જ હોઈ શકે.પાપથી બચીને દુઃખોમાંથી છૂટવા અને પુણ્ય અપનાવી સુખી બનવાનો આ જ રાજમાર્ગ છે.

સ્વર્ગ-નર્કની સ્વયંસંચાલિત પ્રક્રિયાને સમજી લેવાથી પોતાના હવે પછીનાં કર્મોને પુણ્ય, પવિત્ર, સત્ અને શ્રેષ્ઠ બનાવવાની સ્પષ્ટ પ્રેરણા પ્રાપ્ત થાય છે.

શું સ્વર્ગ અને મુક્તિ ખૂબ સુગમ અને સસ્તાં છે? ઘણીવાર એવી દુવિધા જોવામાં આવે છે જેમાં પ્રતિપાદન અને નિષ્કર્ષ વચ્ચે જમીન-આસમાનનો ફરક હોય છે. ત્યારે ચાર રસ્તે ઊભેલ વ્યક્તિએ સામાન્ય સ્તરની બુદ્ધિના સહારે તે નિર્ણય લેવો બહુ જ મુશ્કેલ હોય છે કે પ્રતિ પાદન અને નિષ્કર્મમાંથી કોને સ્વીકારે અને કોનો અસ્વીકાર કરે ? એ સમસ્યા તેને કર્તવ્ય મૂઢ બનાવી દે છે.આપણા જીવનમાં એક વાત દૃઢપણે ગડમથલ કરી રહી છે કે મૃત્યુ પછી મોક્ષ મળવો જોઈએ. સ્વર્ગ નરકની આંટીમાં ફસાયા કરતાં મોક્ષ પ્રાપ્ત થાય. બીજા જીવોને આ ડર નથી કારણકે તેમને સ્વર્ગ નરકની જાણ જ નથી. તેમના કર્મમાં કોઈ સ્વાર્થ કપટ નથી. મોક્ષની સ્વર્ગની કોઈ આશા નથી કે નરકનો કોઈ ભય નથી. આપણા કર્મ સ્વાર્થ જ આપણા સૌને લલચાવે કે ભય પેદા કરે છે.

## વિશેષ લેખ

### શીર્ષક- માનસ મહાકાલ (ભાગ ૬)

# રામ પણ મૃત્યુ છે, કૃષ્ણ પણ મૃત્યુ છે અને શંકર પણ મૃત્યુ છે સત્ય મૃત્યુ છે, બાપ કેમ કે સત્ય મૃત્યુનો પર્યાય છે

માનસ મહાકાલની છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, આપણે મહાકાલને કેન્દ્રમાં રાખીને કથા કરી રહ્યા છીએ, ત્યારે "કાળનો પણ કાળ મહાકાળ" એ સંદર્ભ આ કથાનો મુખ્ય ભાવ છે. રામચરિત માનસમાં ૨૫ પ્રકારના કાળનું વર્ણન છે, કાળના મહાકાળ એક અર્થમાં પરમાત્મા વાચક શબ્દ છે, કાળ એટલે ઈશ્વર. રામચરિત માનસમાં ભગવાન રામને પણ કાળ કહ્યા છે, એ તો કાળના પણ મહાકાળ છે.

નાથ રામ નહિ નર ભૂપાલા,
ભુવનેશ્વર કાલહુ કર કાલા.


રામચરિત માનસનાં સુંદરકાંડમાં વિભિષણ પોતાના ભાઈ દશાનનને આ પંક્તિ સંભળાવે છે કે, હે નાથ! રામ કેવળ નરભૂપાલ નથી, જેને રામાયણમાં સજ્જન પણ કહ્યા છે, સાધુ પણ કહ્યા છે, અને સંત પણ કહ્યા છે, એવા સાધુચરિત વ્યક્તિનું આ નિવેદન છે કે, રામ કેવળ રાજા નથી, પણ કાળના મહાકાળ એટલે કે ભુવનેશ્વર છે.

નિરાકારમોકાર મૂલંતૂરિયં
ગિરાગ્યાન ગોતિતમીશં ગારીશં.
કરાલં મહાકાલ કાલં કૃપાલં,
ગુણાગાર સંસાર પારં નતોઽમ.

રુદ્રાષ્ટકની જે બે પંક્તિઓનો આશરે લઈને આપણે આ નવ દિવસીય રામકથા કહી રહ્યા છીએ, એમાં મહાદેવ પણ કાળના કાળ છે. ભગવાન કૃષ્ણ પણ કાળ છે, ભગવત ગીતામાં સ્વયમ કૃષ્ણ ઉદ્‌ઘોષણા કરે છે કે હું કાળ છું, તો કૃષ્ણ પણ કાળના કાળ છે. રામ,કૃષ્ણ અને શંકર ત્રણે કાળના કાળ છે. પરંતુ હવે હું જે કહેવા જઈ રહ્યો છું, એ પ્રશાંત અને પ્રસન્ન ચિત્તથી સાંભળજો. મારી વ્યાસપીઠ વારંવાર રામને સત્ય કહે છે, મારી વ્યાસપીઠ ને કહેવાનું મન થાય રામને સત્ય કહું છું, કૃષ્ણને મારી શ્રદ્ધા પ્રેમ કહે છે, અને શંકરને કરુણા કહે છે. પરંતુ એનો મતલબ એ નથી કે, રામમાં પ્રેમ અને કરુણા નથી, કે કૃષ્ણમાં સત્ય અને કરુણા નથી. તેમ જ શંકરમાં સત્ય અને પ્રેમ નથી. મહાભારતમાં મૃત બાળકને જીવિત કરવા માટે કૃષ્ણ જે શ્લોકો બોલ્યા છે, ત્યાં એમના સત્યની ઊંચાઈ નજરે ચડે છે. પરંતુ મારા અંતઃકરણને રામના દર્શનથી સત્યની અનુભૂતિ થાય છે, કૃષ્ણનાં દર્શનથી પ્રેમની અનુભૂતિ થાય છે, અને મહાદેવના દર્શનથી કરુણાની અને અનુભૂતિ થાય છે, એટલે હું આ કહી રહ્યો છું. રામ કાળ, કૃષ્ણ કાળ અને શંકર કાળ, હવે ધ્યાન દેજો કાળનો અર્થ મૃત્યુ કરીએ તો, રામ પણ મૃત્યુ છે, કૃષ્ણ પણ મૃત્યુ છે, અને શંકર પણ મૃત્યુ છે. સત્ય મૃત્યુ છે, બાપ કેમ કે સત્ય મૃત્યુનો પર્યાય છે. સોક્રેટિસમાં સત્ય હતું, એને મૃત્યુ મળ્યું. ગાંધીમાં સત્ય હતું, એને મૃત્યુ મળ્યું, સત્ય રૂપી મૃત્યુ અનંત જીવનોથી પણ બહેતર છે. સમજવું થોડું કઠિન પડશે, પરંતુ પોતપોતાના સદગુરુ ભગવાન પાસે એ સમયે આપે ત્યારે આ સૂત્ર સમજજો. આપણે કોઈને કોઈ બુદ્ધ પુરુષના આશ્રયમાં જીવીએ તો જ પ્રસન્ન રહી શકીએ છીએ, ગુરુ પોતાની પાસે સેવામાં રાખે તો ધન્યવાદ ગુરુચરણ સ્પષ્ટ કરવા દે તો અહોભાગ્ય ગુરુચરણ લેવા દે તો બહુ મોટું ભાગ્ય અને કોઈ ગુરુ ચરણ પ્રક્ષાલન કરવા દેતો ધનભાગ્ય, ગુરુ ચરણ સેવા કરવા દે તો સૌથી મોટું સુખ વાતચીત કરે તમારી સાથે વિનોદ કરે તો બહુ મોટુ ભાગ્ય, ભાગ્ય લાખ વિપરીત હો છતાં પણ કોઈ ગુરુ કરુણા કરીને સામેથી તમને બોલાવે ત્યારે સમજવું કે આના જેવું વિશ્વમાં બીજું કોઈ સદભાગ્ય નથી.



સદગુરુ વચનામૃત
સંકલન - ફાલ્ગુની વસાવડા




આપણે કથાનો જે પ્રસંગ લીધો છે એ, ભૂષંડીને પુત્રની માફક એના ગુરુએ ભણાવ્યો શિવમંત્ર આપ્યો શુભ ઉપદેશ આપ્યો? ગુરુ રોજ એને જુદી જુદી રીતે પ્રબોધ કરે છે, નીતિ સમજાવે, પરંતુ એને ક્રોધ આવે. ગુરુ એને કહે કે નર અને નારાયણ એક છે, તું નિંદા ન કર શિવ અને બ્રહ્મા રામની પૂજા કરે છે, એ હરિ સેવક છે ત્યારે ભૂષંડીને ક્રોધ આવે, દ્રોહ પેદા થયો, અને એને કારણે જ ગુરુદ્રોહ, દ્વિજદ્રોહ અને હરિદ્રોહ જેવું પાપ કર્મ થયું. ભૂષંડીજી ગુરુનું આ કથન સમજી ન શક્યાં, માટે એમણે મંદિરે જવાનો સમય બદલી નાખ્યો. ગુરુ જે દિશામાં ચાલતા હોય, ત્યાંથી તે ક્યારેય પસાર ન થતાં. ગલી બદલી નાંખતા, અને એ રીતે ઉપેક્ષાની કોઈ સીમા ન રહી જ્યારે આ બાજુ બુદ્ધપુરુષ તરફથી શિષ્ય પર અનુગ્રહની કોઈ સીમા ન્હોતી.

આમ લાંબો સમય વીત્યો, ગુરુને ભૂષંડીને મળ્યાને, નિયત સમયે ગુરુ શિવ પૂજા કરવા તો બેઠાં, જીભ પર ત્રંબકમ યજામહે મંત્ર પણ ચાલી રહ્યો છે, પરંતુ આજે એમની સ્મૃતિમાં શિવ નથી. ગુરુનું ક્યાંય મન લાગતું નથી, અને એમને તેની યાદ સતાવી રહી છે, કે કેટલાય દિવસોથી એને જોયો નથી! એ ક્યાં ચાલ્યો ગયો? એક ગુરુમાં હજારો માતા છે, જેને ગુરુ છે તેની મા ક્યારેય મરતી નથી, તેમના પિતા ક્યારેય મરતા નથી, તો સમર્પિત સાધક માટે ગુરુ ક્યારેય મરતા નથી, જે મરે તે ગુરુ નથી. શરીરની વાત તો જુદી છે, શરીર પોતાનો મરણોધર્મ નિભાવે. તો શિષ્યના વિરહમાં આવેલા ગુરુએ ભૂષંડીજીને સંદેશો મોકલ્યો કે, મારું ચિત્ત પાઠ પૂજા કે મંત્ર જાપમાં લાગતું નથી, તું એકવાર આવીને મળી જા!: આ રીતે કોઈ બુદ્ધ પુરુષ કે ગુરુ શિષ્યને યાદ કરે તો, એ શિષ્યનું પરમ સૌભાગ્ય છે. ફિલ્મની પંક્તિને યાદ કરી અને કહ્યું કે શિષ્ય પણ ગાઈ શકે, અને ગુરુ પણ પોતાની હાલતનું આ ભાવે વર્ણન કરી શકે.

અકેલે હે હમ ચલે આવો જહાં હો,
કહા આવાજ દે તુમકો કહા હો!
અકેલે હે હમ ચલે આવો જહાં હો.

આ ગોપી ગીત છે સંસ્કૃતમાં નથી પરંતુ હિન્દીમાં છે, કોઈ કોઈ વાર ભાવનું પરિવર્તન કરીને, આવી કોઈ પંક્તિ ગાઈએ તો ખબર પડે કે, એનો મહિમા કેટલો છે, સોનુ કીચડમાં પડવાથી એ લોઢું નથી થઈ જતું, પણ સોનુ સોનું જ રહે છે, એને ધોઈ નાખવાથી તે સોનુ મળે છે.

તો સત્ય મૃત્યુ, એ સાચું છે કે ખોટું એ તમારા બુદ્ધ પુરુષને પૂછજો, અનંત જન્મોથી બહેતર છે મૃત્યુ. બીજા ભગવાન કૃષ્ણ, તો કૃષ્ણ એટલે પ્રેમ અને પ્રેમ એટલે મૃત્યુ, કાલોસ્મિ લોકાક્ષ્ય પ્રબુદ્ધો, કૃષ્ણ ને મારી વ્યાસપીઠ જ્યારે પ્રેમ કહે છે ત્યારે પ્રેમ પણ મૃત્યુ છે.

મહાભારતમાં મૃત્યુ વિશે વાંચીએ તો ખબર પડે મહાભારતકાર કહે છે કે મૃત્યુ એક સુંદર સ્ત્રી છે, અને આપણને એની તરફ ખેંચી રહી છે. આપણને એમ થાય કે, કંઈ થાય અને એ સ્ત્રી આપણા ગળામાં ફૂલોની એ માળા પહેરાવી દે, વરમાળા પહેરાવી દે. મૃત્યુને સુંદર સ્ત્રી તો મહાભારત જ કહી શકે! વ્યાસ જ કહી શકે, મૃત્યુનું એટલું સૌંદર્ય તો હિન્દુસ્તાન એટલે કે સનાતન ધર્મ જ જોઈ શકે.

આપણે જોયું તેમ જેમણે સત્યનો પથ પકડ્યો છે, એમને દુનિયા જીવવા ક્યાં દે છે? બિલકુલ એ જ રીતે પ્રેમનો પંથ પકડ્યો છે, એને પણ દુનિયાએ ક્યાં જીવવા દીધા છે, મીરાંને ઝેર એટલે કે મૃત્યુ મળ્યું. સમર્દ નાચ્યો, અનલ હક અનલ હક મન્સુર નાચ્યો, અનલ હક અનલ હક કરીને એમણે કોઈ ગુન્હો તો નથી કર્યો, મુહોબ્બત કરીને! પણ એમણે પરમપ્રેમ કર્યો હતો. આજકાલ તો પ્રેમને એટલો બધો સસ્તો બનાવી દીધો છે કે, એ પ્રેમ નથી માત્ર વહેમ છે. પ્રેમમાં કોઈ શરત નથી હોતી, ચતુરાઈ નથી હોતી, કે સાવધાની નથી હોતી, ગાતાં ગાતાં મરી જવું એનું નામ પ્રેમ મૃત્યુ છે. સત્ય મૃત્યુ છે, અને પ્રેમ મૃત્યું છે,એ થોડું સમજાશે, પણ કરુણા મૃત્યુ છે એ થોડું અઘરું પડશે. બુદ્ધ પુરુષોની કરુણા મારી નાખે છે, ક્યારેક એમનો અનુગ્રહ એટલો બધો હોય કે, આપણે અંતર એમ કહે બસ કરો, હવે પણ તમે અનહદ પ્રેમ આપે છે. ભૂષંડીજીને એના ગુરુએ યાદ કર્યા, એ ગયા તો ગુરુ એમને ખૂબ વહાલ કરે છે, પ્રેમ કરે છે. એમણે ગુરુના સમયે મંદિરે જવાનું શરૂ તો કર્યું, પરંતુ હજી અંતરમાં એટલો જ દ્રોહ છે, અને અવિવેક એટલી હદે ગતિ કરી ગયો કે, એ તેને પોતાનું હિત જોવા નહોતો દેતો. ગુરૂના અનહદ અનુગ્રહ ને અનુભવવા ન દીધો, એટલો અવિવેક એનાં અંતરમા હતો. અંતે એમને ગરુડને કહેવું પડ્યું કે," ગુરુ કર કોમલ શીલ સુભાઉ" એટલે કરુણા મૃત્યુ એ થોડું સમજવું અઘરું છે. એકબાર હર મંદિર માહી જપત રહેવુ શિવ નામ,

ગુરુ આયહુ અભિમાન તે ઊઠી નહિ કિન્હ પ્રનામ.

એકવાર મહાકાલના મંદિરમાં હું શિવ નામ જાપતો હતો, અને ત્યાં મારા બુદ્ધ પુરુષ મારા ગુરુદેવ પધાર્યા, મેં અભિમાનમાં તે અણદેખ્યું કર્યું અને તેમને પ્રણામ ન કર્યા. શાસ્ત્રોત શ્રદ્ધા કહે છે કે, તમે ભગવાનની પૂજા કરતા હો અને ત્યાં આગળ જો તમારા ગુરુ આવે તો એ પૂજા અધૂરી મૂકીને ભગવાનને ચઢાવવાની બધી જ સામગ્રી તમારે ગુરુ ચરણોમાં સમર્પિત કરવી! ભારતની ગુરુ પરંપરા અદભૂત છે. પણ ભૂષંડીજીએ બહુ મોટો અપરાધ કર્યો, અને હાહાકાર થઈ ગયો, મહાકાલનાં મંદિરમાં નભવાણી થઈ. ગુરુ અપરાધ, ગુરુ સહન કરી ગયા, એને તો અપમાન જેવું લાગ્યું પણ નહીં, અને લાગવું પણ જોઈએ નહીં, કારણ કે ગુરુ જીવ નથી હોતાં. પરંતુ મહાકાલ ને ગુરુનું અપમાન દેખાયું, અને તેમણે શાપની જડી વરસાવી એ બુદ્ધ પુરુષને કરુણા ફૂટી અને તેમણે ભૂષંડીના બચાવ માટે રુદ્રાષ્ટકનું ગાન કર્યું.

ગઈકાલે આપણે અષ્ટક શું કામ? એ વિશે ચિંતન કર્યું હતું, અને મેં છેલ્લે કહ્યું હતું કે મને એમાં પતંજલિનો અષ્ટાંગયોગ દેખાય છે. આ ઉપરાંત મૃત્યુની આઠ છાયા માનવામાં આવી છે, તો એટલે પણ એ અષ્ટક રહ્યું. મૃત્યુની એક છાયા ધ્રુવ મૃત્યુ જે નિશ્ચિત છે, બીજું અપ મૃત્યુ, ત્રીજું કોઈની હત્યા, ચોથુ કોઈ વ્યક્તિ મજબૂરીથી આત્મહત્યા કરે, કોઈને ડરાવવામાં આવે ભયકોપિત કરે સીમા બહારનો ભય એ કાળ છે. ક્યારેક ક્યારેક માણસ કોઈનું મૃત્યુ કરે, એ રમત બની જાય, રમત રમતમાં મૃત્યુ એ પણ કાળની છાયા છે. છઠ્ઠી છાયા વ્યાધિ એટલે કે બીમારી, અને મહામારીના મૃત્યુ પણ કાળની છાયા છે, શાસ્ત્રકારોએ એનું ઘણું લાંબુ ચિંતન કર્યું છે. મજાક પણ કાળની છાયા છે, તમે ક્યારેક કોઈની મજાક કરો તો એ મૃત્યુનું કારણ પણ બની શકે છે. આઠમી અને અંતિમ કાળની છાયા એ પ્રાકૃતિક ઘટના, ક્યારેક દુષ્કાળ, સુનામી, ભુકંપ, આ આઠ પ્રકારની કાળની છાયાથી બચાવવા માટે રુદ્રાષ્ટકનું ગાન થયું. બીજું રુદ્રાષ્ટકમાં શિવનાં આઠ નામ પણ સામેલ છે, પુરારી, મન્મથારી, ભવાની પતિ, ઉમા નાથ, શંકર, શિવ, ત્રણ વાર શંભુ, આમ આઠ વાર ભગવાન શંકરનું સંબોધન થયું છે. તદ્દુપરાંત ભૂષંડીજીથી ગુરુનો અપરાધ થયો, એ દિવસ પણ કૃષ્ણાષ્ટમીનો હતો, આ બુદ્ધ પુરુષને કૃષ્ણાષ્ટમીના દિવસે આઠે પહોર શિવની પૂજાનો નિયમ હતો. ક્યાંક ક્યાંક માઘ અષ્ટમીનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

નમામિ શમીશાન નિર્વાણ રૂપં
વિભુ વ્યાપકમ બ્રહ્મવેદ સ્વરૂપં
નિજમ નિર્ગુણમ નિર્વિકલ્પં નિરીહં,
ચિદાકાશમાકાશ વાસં ભજેઽમ,
નિરાકાર ઓમકાર મૂલં તૂરિયં,
ગિરાગ્યાન ગોતીતમીશં ગિરીશં
કરાલં મહાકાલ કાલં કૃપાલં,
ગુણાગાર સંસાર પારં નતોઽમ.

આપણે પણ આ સિંહસ્થના વર્ષમાં એટલે કે કુંભમાં રુદ્રાષ્ટકનું દાન કરીએ, અને એ સાથે જણાવ્યું. દાદાજી રામ કથા આપી રહ્યાં હતાં, ત્યારે એમણે પ્રેમથી કહ્યું હતું, કે પહેલા રુદ્રાષ્ટક કંઠસ્થ કરો, અને એ રીતે સૌપ્રથમ રુદ્રાષ્ટકનો પાઠ શીખ્યા હતાં, અને બીજું સ્તોત્ર રામરક્ષા સ્તોત્ર શીખ્યા હતા. મહાકાલના મંદિરની આ ઘટના કૃષ્ણાષ્ટમી એ ઘટી હતી, એ વાત હું ભારપૂર્વક એટલા માટે કહી રહ્યો છું કે, અંતઃકરણની પ્રવૃત્તિ એટલે કે ગુરુ વચન પર મને પૂર્ણ શ્રદ્ધા છે. જેને ગુરુના વચન પર પ્રતીતિ નથી, એમને સપનામાં પણ સુખ અને સિદ્ધિ સુલભ નથી. સુખની વ્યાખ્યા સ્વાન્ત સુખ, બાકી સુખ તો પ્રારબ્ધ અનુસાર મળે અને જાય. સિદ્ધિ શું છે? એ શાસ્ત્રોક્ત રીતે વાંચ્યું છે, સંતો પાસેથી સાંભળ્યું છે, અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ હોય હનુમાનજી એના દાતા છે. કારણકે મા જાનકી એ એનાં આશીર્વાદ આપ્યા. પણ વ્યક્તિગત રીતે સુરસંગ્રામમાં દશરથ પ્રસન્ન થઈને કૈકેયીને વચન આપે છે. પરંતુ દુર્બુદ્ધિ વર્ષ કઈ કઈ રામરાજ્યાભિષેક ટાણે જ, એ વચન માંગે છે. વચનની વાત પરથી ગંગાસતી ને યાદ કર્યા.

વચન વિવેકી જે નરનારી પાનબાઈ,
તેને બ્રહ્માદિક લાગે પાય,

કથાના ક્રમમાં આગળ વધતા કહ્યું કે સુંદરકાંડમાં હનુમાનજીના ભવનમાં પહોંચે છે, એકબીજાનો પરિચય થાય છે, અને વિભીષણ સુંદર પંક્તિ બોલે છે.

અબ મોહી ભા ભરોસ હનુમંત,
બીનુ હરિ કૃપા મિલે નહી સંતા.

હનુમાનજી મળ્યા એટલે કહ્યું કે હવે મને પૂરેપૂરો ભરોસો છે, કે રામની કૃપા મારી પર થઈ ગઈ છે. હનુમાનજી કહે છે કે એવું તે કેમ માની લીધું કે રામની કૃપા થઈ! સીતાને રાવણે બંદી બનાવી રાખી છે, છતાં તું રાવણને કહેતો કેમ નથી કે સીતાને છોડો? રામ બોલવું અને રામકામ ન કરવું, એટલે તારા પર કૃપા ન થઈ શકે!

એટલે વિભિષણ એ કહ્યું કે હવે હું રામનામ પણ લઈશ અને રામકામ પણ કરીશ. સ્વચ્છતાની વાતને બઢાવો દેતા કહ્યું, કે જેમ પૂજા કરવા માટે સ્વચ્છ થઈને બેસીએ છીએ, એવી રીતે પોતાની શેરી મહોલ્લો, નગર, રાજ્ય, બધું જ સ્વચ્છ રાખવું, એ રામ કામ છે. કથાના ક્રમમાં આગળ વધતા કહ્યું કે સપ્તઋષિએ જ્યારે પાર્વતીના પ્રેમની ગાથા સંભળાવી, ત્યારે ફરીવાર ભગવાન શિવને સમાધિ લાગી. પ્રેમમાં પણ સમાધિ લાગે, એવી તાકાત છે. ભગવાન શિવ સમાધિમાં છે, અને અંતરાલમાં તારકાસુર નામનો રાક્ષસ, જે આખા સમાજને પરેશાન કરે છે, એ તારકાસુરનું મૃત્યુ બ્રહ્માએ કહ્યું કે, શિવના પુત્રથી જ સંભવ છે. બધા જ દેવતાઓ સ્વાર્થી છે, અને ઈન્દ્રાદિ દેવગણો એ કામદેવને પસંદ કરે છે, અને શિવની સમાધિનો ભંગ કરવા માટે કામદેવ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી સર્વના મન હરી લે છે. શિવ પોતાનું ત્રીજું નેત્ર ખોલી અને જુએ છે, અને કામ બળી જાય છે. દેવગણ આવે છે, શિવને ફોસલાવે છે, અને શિવ લગ્ન માટે તૈયાર થાય છે, એ કથા આવતીકાલે કરીશ, એમ કરી આજની કથાને વિરામ આપ્યો.

# દીર્ઘ ટકાઉ મૈત્રીઓ અને મજેદાર યાદો જય હો !



મૈત્રી આપણા જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ગમે તે ઉંમર હોય તો પણ મૈત્રીનું બંધન વર્ષો સુધી યાદ રહી જાય છે. આ મૈત્રી દિવસ પર એન્ડટીવીના કલાકારો હૃદયસ્પર્શી વાતો સાથે તેમની રોમાંચક મૈત્રીની ઉજવણી કરવા માટે એકત્ર આવે છે. આમાં ગીતાંજલી મિશ્રા (રાજેશ, હપ્પુ કી ઉલટન પલટન), નેહા જોશી (યશોદા, દૂસરી મા) અને વિદિશા શ્રીવાસ્તવ (અનિતા ભાભી, ભાભીજી ઘર પર હૈ)નો સમાવેશ થાય છે.

હપ્પુ કી ઉલટન પલટનમાં નવી રાજેશ તરીકે ગીતાંજલી મિશ્રાએ જણાવ્યું હતું કે, "આ મૈત્રી દિવસ હું મારા વહાલા જીવનસાથી રાજેશ ચતુર્વેદીનો આભાર માનવા માટે સમર્પિત કરવા માગું છું. તે મારો બેસ્ટ ફ્રેન્ડ હોવા સાથે મારો મેનેજર છે અને હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે તે કોઈ પણ ખચકાટ વિના કશું પણ કરવા માટે મને પ્રેરિત કરનારી એકમાત્ર વ્યક્તિ છે. તે સતત મને ટેકો આપે છે. મારા મુશ્કેલ દિવસોમાં પણ સાથ આપે છે અને મારી ખુશીભરી પળોને વધુ મજેદાર બનાવે છે. અમારી ફ્રેન્ડશિપ સમયાંતરે મજબૂત બનીને ઊભરી આવી છે અને તે જે રીતે મારો આદર કરે અને મને સમજે તેની હું સરાહના કરું છું. અન્ય મેનેજરોની જેમ તે કોઈ પણ ચેડાં કરતો નથી. તેની જીવંત હાજરી સાથે હું ક્યારેય કંટાળતો નથી અને તે કપરા સમયમાં મારી જોડે રહે છે.


# બેન્ગલુરુનું જાહેર પરિવહન નવું પરિમાણ ઉમેરે છે : બીએમટીસી આધુનિક ઈલેક્ટ્રિક બસ દાખલ કરશે



। બેન્ગલુરુ, તા.૨૮ ।

બેન્ગલુરુના નાગરિકોને હવે વધુ સ્માર્ટ, વધુ સુરક્ષિત અને હરિત જાહેર પરિવહન મળશે. ટાટા મોટર્સની સ્માર્ટ ઈલેક્ટ્રિક બસના પ્રોટોટાઈપને આજે કર્ણાટક સરકારમા પરિવહનમંત્રીશ્રીરામાલિંગારેડ્ડી, પરિવહન વિભાગના સેક્રેટરી આઈએએસ ડો. એન વી પ્રસાદ, બેન્ગલુરુ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડાયરેક્ટર આઈએએસ જી સત્યવથી અને કર્ણાટક સરકાર, બીએમટીસી અને ટાટા મોટર્સના મોવડીઓની હાજરીમાં લીલી ઝંડી બતાવવામાં આવી હતી. ટાટા મોટર્સની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી ટીએમએલ સ્માર્ટ સિટી મોબિલિટી સોલ્યુશન્સ લિ. અને બીએમટીસી વચ્ચે થયેલા સૌથી મોટા ઓર્ડરના કરારના ભાગરૂપ કંપની ૧૨ વર્ષના સમયગાળા માટે અત્યાધુનિક ૧૨ મીટર લો- ફ્લોર ઈલેક્ટ્રિક બસનાં ૯૨૧ યુનિટ્સનો પુરવઠો, સંચાલન અને જાળવણી કરશે. ટાટા સ્ટારબસ ઈવી સક્ષમ અને આરામદાયક પ્રવાસ માટે ઉત્કૃષ્ટ ડિઝાઈન અને કક્ષામાં અવ્વલ વિશિષ્ટતાઓ સાથે ઘરઆંગણે વિકસિત બસ છે.

# ગોદરેજ અને બોયસ તેમજ WWF ઇન્ડિયાના સહયોગથી આયોજીત મેન્ગ્રૂવ્સના સંરક્ષણ અભિયાનમાં ૨૦,૦૦૦થી વધુ નાગરિકોને જોડાશે



ગોદરેજ ગ્રૂપની ફ્લેગશિપ કંપની ગોદરેજ અને બોયસે ઉઉહ્વ ઈન્ડિયા (વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર ઈન્ડિયા)ના સહયોગથી આજે પોતાનું "મેજિકલ મેન્ગ્રૂવ્સ" સંરક્ષણ જાગૃતિ અભિયાનના ચોથા તબક્કાની જાહેરાત કરી છે. પ્રથમ વખત વર્ષ ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલું સ્વયંસેવક સંચાલિત અભિયાનમાં ૨૦૦થી વધુ સ્વયંસેવકો અથવા મેન્ગ્રૂવ રાજદૂતોને તાલીમ આપવામાં આવી હતી, જેમણે ભારતના ૭ દરિયાકાંઠાના રાજ્યોમાં ૨૭થી વધુ નાગરિકોને જાગૃત કરવામાં મદદ કરી છે. આ અભિયાનના છેલ્લા ત્રણ વર્ષમાં વિષયો આધારિત સોશિયલ મીડિયા પોસ્ટના માધ્યમથી લાખો ભારતીયો સુધી પહોંચ્યું છે. આ અભિયાનની મુખ્ય વિશેષતાઓની વાત કરીએ તો વોલન્ટિયર્સ બિલ્ડિંગ કેપેસિટી, આઉટરીચ તેમજ ટ્રેન્ડ વોલન્ટિયર્સના નોલેજ દ્વારા એક્સપર્ટ ટોક, કોમ્પિટિશન અને રિબુસ્ટ સોશિયલ મીડિયા કેમ્પેઈનનો સમાવેશ થાય છે. WWF ઈન્ડિયા તેમજ ગોદરેજ અને બોયસના સહયોગથી આયોજીત મેજિકલ મેન્ગ્રૂવ કાર્યક્રમ લોકોને મેન્ગ્રૂવ જંગલોના સંરક્ષણ અને જાળવણી અંગે જાગૃતિ ફેલાવવા માટે સ્વયંસેવક બનવા વિનંતી કરે છે જે દરિયાકાંઠાના પટ્ટામાં રહેતા સમુદાયોના અસ્તિત્વ માટે અનિવાર્ય છે. અગાઉના તબક્કાની સફળતાના આધારે સંસ્થાઓએ વિદ્યાર્થીઓ સહિત સ્વયંસેવકોને આ કાર્યક્રમને આગળ વધારવા માટે તેમજ પ્રોત્સાહિત કરવા માટે નવા તબક્કાની રચના પણ કરી દીધી છે.


# આંતરરાષ્ટ્રિય વાઘ દિન નિમિતે, ઝી ટીવીના કલાકારો આપણા આ જંગલી પ્રાણીના સંરક્ષણ અને રક્ષણ માટે પગલા લેવા લોકોને વિનંતી કરે છે



દર વર્ષે ૨૯મી જુલાઈના રોજ, આંતરરાષ્ટ્રિય વાઘ દિનની ઉજવણી કરવામાં આવે છે, જેનાથી વાઘના સંરક્ષણ માટેની જાગૃતતાનો ફેલાવો કરી શકાય. સાથોસાથ તેનો હેતુ એવો પણ છે કે, વૈશ્વિક સ્તરે આ ભવ્ય જીવોના કુદરતી રહેઠાણોને પણ સુરક્ષિત રાખવાની જરૂરિયાત લોકોને સમજાવી જરૂરી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આખા વિશ્વના લોકો આ પ્રસંગને યાદ કરી રહ્યા છે, ત્યારે ઝી ટીવીના કલાકારો જેવા કે, કુંડલી ભાગ્યનો શક્તિ આનંદ, ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે, મીતનો સૈયદ રઝા અહમેદ અને પ્યાર કા પહેલા નામ રાધા મોહનની નીહારિકા રોય આપણા આ વન્ય જીવને બચાવવા માટે લોકોને સમર્થનના શબ્દોથી આગળ વધીને અર્થપૂર્ણ પગલા લેવા માટે હાંકલ કરી રહ્યા છે.

શક્તિ આનંદ, જે ઝી ટીવીના કુંડલી ભાગ્યમાં કરનનું પાત્ર કરી રહ્યો છે, તે કહે છે, "આપણે આંતરરાષ્ટ્રિય વાઘ દિનની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે, વાઘોના સંરક્ષણ માટે જરૂરી પગલા લેવા પ્રયત્ન કરવા જોઈએ. આ થોડા લોકોની જવાબદારી નથી, પણ આપણએ બધાએ સાથે મળીને આ વન્ય જીવો અને તેના રહેઠાણનું રક્ષણ કરવું જરૂરી છે.

# પ્યાર કા પહેલા નામ રાધા મોહનની અભિનેત્રી કિર્તિ નાગપુરે સેટ પર તેના નવરાશના સમયમાં શું કરે છે!



ઝી ટીવીના પ્યાર કા પહેલા નામ રાધા મોહન, જે આધુનિક વૃંદાવન આધારીત એક રોમાન્ટિક નાટક છે, તે ગતવર્ષે તેની શરૂઆતથી જ દર્શકોમાં ચહિતો બની ગયો છે. એક સાંકળતી વાર્તા, નાટ્યાત્મક વણાંકની સાથોસાથ સંબંધિત પાત્રો જેવા કે, મોહન (શબ્બિર આહ્લુવાલિયા), રાધા (નીહારિકા રોય), દામીની (સંભાબના મોહન્તિ) દર્શકોને તેમની સીટ પર જકડી રાખ્યા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, મોહનએ સ્વિકારે છે કે, તે રાધાને પ્રેમ કરે છે અને બહું જ સુંદરતાથી તે તેનો પ્રેમ સ્વિકારવા તૈયાર છે. જો કે, દામિનિએ મોહનની મૃત પત્નિ તુલસી (કિર્તિ નાગપુરે)ની મૃત્યુ માટે રાધાની ધરપકડ કરવામાં આવે છે, જેના માટે તે જરા પણ દોષિત નથી, તો તે તેની દુષ્ટ યોજનાને અમલમાં મૂકીને દામિની માટે એક મોટી સમસ્યા ઉભી કરી છે. તેની શૂટિંગની વ્યસ્તા છતા, કલાકારો તેમની ગમતી પ્રવૃતિ કરવા માટે થોડો સમય તો કાઢી જ લે છે.

# કોકા- કોલા અને આઈસીસીનું ધ આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ માટે તાજગીપૂર્ણ ખુશી લાવવા માટે જોડાણ

। નવી દિલ્હી, તા.૨૮ ।

કોકા-કોલા અને ધ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા ફરી એક વાર આગામી ૨૦૨૩ આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ માટે જોડાણ કરવામાં આવ્યું છે. આ રોમાંચક જોડાણ આઈસીસી અને પ્રતિકાત્મક બેવરેજ કંપની વચ્ચે ચાર વર્ષની વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીના ભાગરૂપ છે. આ ભાગીદારી કોકા-કોલાને આઈસીસીની ખાસ નોન- આલ્કોહોલિક બેવરેજ ભાગીદાર બનાવે છે. આ સાથે કોકા-કોલા દુનિયાભરના ચાહકોને જોડવા, એકતાનો વારસો કેળવવા અને ઓનલાઈન તેમ જ ઓફલાઈન એક્ટિવેશન્સની સિરીઝ થકી અસલ સ્પોર્ટ્સમેનશિપ કેળવવા માટે તેની પ્રતિકાત્મક વૈશ્વિક પહોંચનો ઉપયોગ કરશે. તે ગ્રાહકો સાથે સહભાગ ચાલુ રાખશે અને તેમના ફેવરીટ સ્પોર્ટિંગ પેશન સાથે સુમેળ સાધશે. કોકા-કોલા ઈન્ડિયા અને કોકા-કોલા ખાતે સાઉથવેસ્ટ એશિયાના માર્કેટિંગના વાઈસ પ્રેસિડેન્ટ અર્ણબ રોયે જણાવ્યું હતું કે, "અમે માનીએ છીએ કે આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ દેશ માટે સૌથી મોટો ક્રિકેટનો પર્વ છે. આઈસીસી સાથે ભાગીદારી અમને અમારા ગ્રાહકો, ઉપભોક્તાઓ, બ્રાન્ડ્સ અને ક્રિકેટને એકત્ર લાવવાની ઉત્તમ તક આપે છે. અમારા બ્રાન્ડ એક્ટિવેશન્સ ગ્રાહકોને ઈનોવેટિવ ઓફફલાઈન અને ઓનલાઈન પ્રમોશન્સ થકી જોડશે અને સ્પોર્ટસના ચાહકો માટે યાદગાર અનુભવ નિર્માણ કરશે." કોકા-કોલા આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન અજોડ ઓન-ગ્રાઉન્ડ અનુભવો સાથે વર્લ્ડ કપની ટિકિટો જીતવા માટે ચાહકોનો સહભાગ, સોશિયલ મિડિયા કેમ્પઈન અને પ્રમોશન સહિત તેના બેવરેજના પોર્ટફોલિયો સાથે ઘણા બધા રોમાંચક બ્રાન્ડ એક્ટિવેશન્સ પર ભાર મૂકશે. ચાર વર્ષના કરારમાં ઈન્ગ્લેન્ડ અને વેલ્સમાં આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૯, ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયામાં આઈસીસી મેન્સ એન્ડ વુમન્સ ટી૨૦ વર્લ્ડ કપ, ન્યૂ ઝીલેન્ડમાં આઈસીસી વુમન્સ વર્લ્ડ કપ ૨૦૨૧ અને ૨૦૨૩માં ભારતમાં આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ સહિત દુનિયાભરની બધી આઈસીસી ઈવેન્ટ્સનો સમાવેશ થાય છે. આ ભાગીદારી સ્પોર્ટસની પહોંચ વૈશ્વિક સ્તરે વિસ્તારવા માટે આઈસીસીના એકધાર્યા લક્ષ્ય સાથે ૫૦૦થી વધુ બ્રાન્ડ અને વૈશ્વિક રિટેઈલ પહોંચના ધ કોકા-કોલા કંપનીના ડાઈવર્સિફાઈડ પોર્ટફોલિયોની શક્તિને જોડીને લાંબા ગાળા માટે આઈસીસી અને કોકા-કોલા વ્યૂહાત્મક રીતે સુમેળ સાધશે.

# જેનવર્ક્સ દ્વારા હિસ્ટેરોસ્કોપી - ઇન્ટ્રાયૂટરિન સમસ્યાઓની ઇલાજ માટે એક ન્યૂનતમ ઇનવેસિવ સોલ્યુશન




મહિલાઓનું પ્રજનન સ્વાસ્થ્ય એક મહત્વપૂર્ણ અને સંવેદનશીલ વિષય છે જેના પર આરોગ્ય સંભાળની સુલભતા પ્રાપ્ત કરવા માટે ભાર મૂકવો જોઈએ. આ સુનિશ્ચિત કરવા માટે મહિલાઓને પ્રભાવી અને ન્યૂનતમ આક્રમક પ્રજનન સ્વાસ્થ્ય પ્રક્રિયાઓથી અવગત કરાવવામાં આવે છે, જેનવર્કસ સામાન્ય સ્ત્રીરોગ સંબંધી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે ડિઝાઈન કરવામાં આવેલા ઉપકરણોને બજારમાં લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ફાઈબ્રોઈડ્સ અને પોલીપ્સ નામની બે સામાન્ય પ્રજનન સમસ્યાઓ મહિલાઓમાં વંધ્યત્વ અને વારંવારની ગર્ભાવસ્થાના નુકશાન માટે જાણીતી છે. પોલીપ્સને દૂર કરવાથી ગર્ભધારણ, આઈયૂઆઈ અને આઈવીએફના માધ્યમથી પ્રજનન પરિણામોમાં સુધારો આવે છે. જેનવર્કસ ફાઈબ્રોઈડ, પોલીપ્સ, આરપીઓસી અને અન્ય જેમ કે ઈન્ટ્રાયૂટરિન સમસ્યાઓના ઈલાજ માટે એક ન્યૂનતમ ઈનવેસિવ સોલ્યુશનને પ્રોત્સાહન આપે છે.

## BOLLYWOOD NEWS FLASH

### સલમાન એક દશકા કરતાં વધારે સમયથી શો હોસ્ટ કરી રહ્યો છે પરંતુ હવે તેને આ કામ કરવામાં કોઈ રસ હોય તેમ લાગતું નથી



# સલમાન ખાનને ફેન્સ પૈસાનો ભૂખ્યો ગણાવી રહ્યા છે?

। મુંબઈ, તા.૨૮ ।

રિયાલિટી શો બિગ બોસની દરેક સીઝન ગમે એટલી વિવાદમાં કેમ ન રહેતી હોય પરંતુ તેના ઘરમાં થતાં ઝઘડા અને લિંક-અપની ખબરોથી સારી એવી ટીઆરપી મેળવી લે છે, તેમાય તેને વધારે ટીઆરપી અપાવવાનું કામ કરે છે હોસ્ટ સલમાન ખાન. આમ તો અત્યારસુધીમાં અમિતાભ બચ્ચન, સંજય દત્ત અને અરસદ વારસી જેવા એક્ટર્સ તેનું હોસ્ટિંગ કરી ચૂક્યા છે પરંતુ દબંગખાન જેટલી સફળતા કોઈને મળી નથી. સલમાન એક દશકા કરતાં વધારે સમયથી શો હોસ્ટ કરી રહ્યો છે. પરંતુ હવે તેને આ કામ કરવામાં કોઈ રસ હોય તેમ લાગતું નથી. આ વાત અમે નહીં પરંતુ સોશિયલ મીડિયા યૂઝર્સ અને તેના ફેન્સ જ કહી રહ્યા છે. હાલ તે બિગ બોસ ઓટીટી ૨માં જોવા મળી રહ્યો છે, પરંતુ અગાઉની તમામ સીઝનમાં તેની જે એનર્જી દેખાતી હતી તે આ વખતે ગાયબ છે. એક વેબસાઈટ પર પોતાનો વિચાર રજૂ કરતાં એક યૂઝરે લખ્યું હતું કે, સલમાન ખાન રિયાલિટી શો માત્ર પૈસા અને લાલચમાં કરી રહ્યો છે, બાકી હવે તેને તે કરવામાં જરાય રસ નથી. તેણે ઉમેર્યું હતું કે 'સલમાન ખાનને શોમાં રસ હોય તેમ લાગતું નથી. તેના ચહેરા પર હવે હાસ્ય દેખાતું નથી કે તે મજાક પણ કરતો નથી. વીકએન્ડ કા વારમાં કોઈ ડાન્સ એન્ટ્રી થતી નથી. શું તમે આ નોટિસ કર્યું? જલ્લાદ નથી, કોઈ કોલર ઓફ ધ વીક નથી. કોઈ રસપ્રદ વસ્તુ નથી. ચહેરા પર કોઈ હાવભાવ કે કંઈ જ નથી. તેને હવે પડી હોય તેમ લાગતું નથી. આશા રાખું છું કે તેને અહેસાસ થાય કે હોસ્ટ તરીકે અમે તેને કેટલો પ્રેમ કરીએ છીએ.



# નિધિ ભાનુશાળીએ તારક મહેતાના ડાયરેક્ટરના લીધે છોડ્યો હતો શો?

। મુંબઈ, તા.૨૮ ।

નિધિ ભાનુશાળીએ લગભગ છ વર્ષ સુધી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુ ભીડેનો રોલ કર્યો હતો. ૨૦૧૯માં પોતાના અભ્યાસ પર ધ્યાન આપવા માટે તેણે શો છોડી દીધો હતો. જે બાદ હાલ સોનુના રોલમાં એક્ટ્રેસ પલક સિદ્ધવાની જોવા મળી રહી છે. છેલ્લા થોડા દિવસથી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના મેકર્સ પર ગંભીર આક્ષેપ લાગી રહ્યા છે. જેનિફર મિસ્ત્રીએ આક્ષેપો લગાવવાના શરૂ કર્યા તે પછી રિટા રિપોર્ટરના રોલમાં જોવા મળી ચૂકેલી પ્રિયા આહુજા ખુલીને બોલી રહી છે. હાલમાં જ પ્રિયાએ નિધિના શો છોડવા અંગે વાત કરી છે. પ્રિયાનું કહેવું છે કે, નિધિએ શો છોડ્યો ત્યારે પ્રોડ્યુસર આસિત કુમાર મોદીએ દોષનો ટોપલો ડાયરેક્ટર અને પ્રિયાના પતિ માલવ રાજદા પર ઢોળ્યો હતો. ઈન્ટરવ્યૂમાં પ્રિયા આહુજાએ કહ્યું કે, જ્યારે નિધિએ શો છોડ્યો ત્યારે માલવને જવાબદાર ગણવામાં આવ્યો હતો. "નિધિએ શો છોડ્યો તેનું કારણ આસિત મોદીએ માલવને ગણાવ્યો હતો. તેમણે માલવને કહ્યું હતું કે, ટપ્પુ સેનાને તેં માથે ચડાવીને રાખી છે.

### કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલી તસવીરમાં જોઈ શકાય છે કે, તેણે ગાર્ડનની વચ્ચે ચાદર પાથરી છે અને ઊંઘી રહી છે

# કરીના અને તેના પરિવારનો આશરે બે મહિનાના વેકેશનનો અંત આવવાને આરે



। મુંબઈ, તા.૨૮ ।


કરીના કપૂર અને સૈફ અલી ખાન હાલ તેમના બંને બાળકો- તૈમૂર અલી ખાન અને જેહ અલી ખાન સાથે યુરોપમાં વેકેશન એન્જોય કરી રહ્યા છે. તેઓ આશરે બે મહિનાથી ત્યાં છે અને સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી એક્ટ્રેસ અવારનવાર તસવીરો શેર કરીને ફેન્સને એન્ટરટેન કરતી રહે છે. જો કે, તેમના આ લાંબા વેકેશનનો હવે ધ એન્ડ આવવા જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. તેનાથી મારા મમ્મી કરીના જ નહીં પરંતુ તેનો નાનો દીકરો જેહ પણ સહેજ અપસેટ છે. બુધવારે એક્ટ્રેસે તે લીલાછમ ઘાસની વચ્ચે સૂતી હોય તેવી એક તસવીર શેર કરી હતી. તો જેહ પણ તેની પીઠ પર ચડી ગયો હતો અને ઊંઘી ગયો હતો. આ ક્યૂટ ક્ષણને કોઈએ કેમેરામાં કેપ્ચર કરી લીધી હતી. આ પોસ્ટની સાથે-સાથે તેણે તેમનું ફેમિલી વેકેશન ખતમ થઈ રહ્યું હોવાની ફરિયાદ કરી હતી. કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલી તસવીરમાં જોઈ શકાય છે કે, તેણે ગાર્ડનની વચ્ચે ચાદર પાથરી છે અને ઊંઘી રહી છે. તેણે વાદળી કલરના શર્ટની સાથે ડેનિમ પહેર્યું છે તો જેહે પણ મમ્મી સાથે મેચિંગ કરતાં વાદળી ટીશર્ટ અને શોર્ટ્સ પહેરી છે. આ સાથે લખ્યું છે 'તે મૂડ જ્યારે તમને ખબર હોય કે તમારા ઉનાળાના વેકેશનનો થોડા દિવસમાં અંત આવવા જઈ રહ્યો છે. ઊંઘભર્યું જીવન, ઊંઘી રહેલી મમ્મી અને દીકરો'. ખાસ ફ્રેન્ડ અનિતા શ્રોફે કોમેન્ટ કરી હતી 'રહેવા માટેની શ્રેષ્ઠ જગ્યા' તો કેટલાક ફેન્સે મા-દીકરાની આ જોડી પર પ્રેમ વરસાવતા રેડ હાર્ટ ઈમોજી ડ્રોપ કર્યા હતા.

### હવે માનિતના લગ્નના તસવીરો સામે આવી છે, સાથે જ માનીતે જણાવ્યું છે કે, તેના પિતાની તબિયત ખરાબ હોવાથી ઉતાવળે લગ્ન કરી લીધા

# માનિત જૌરા ૧૦૮ વર્ષ જૂની તલવાર લઈ ગ્રીક ગર્લફ્રેન્ડને પરણ્યો હતો

। મુંબઈ, તા.૨૮ ।

ટીવીની સૌથી પોપ્યુલર સીરિયલ 'કુંડલી ભાગ્ય'માં ઋષભનું પાત્ર ભજવનારા એક્ટર માનિત જૌરાએ લગ્ન કરી લીધા છે. માનિતે ૯ જુલાઈના રોજ પોતાની લોન્ગ ટાઈમ ગર્લફ્રેન્ડ સાથે સાત ફેરા લીધા હતા. માનિતે પોતાની ગ્રીક ગર્લફ્રેન્ડ એન્ડ્રિયા પૈનાગિયોટોપોલુ સાથે લગ્ન કરી લીધા છે. એન્ડ્રિયા વ્યવસાયે ડાન્સ ટીચર છે. માનિતના લગ્નના ફોટોઝ હાલમાં જ સામે આવ્યા છે અને તેણે લગ્ન અંગેની કેટલીક રસપ્રદ વાતો પણ જણાવી છે. વાત કરતાં માનિતે ખુલાસો કર્યો કે, તેના લગ્ન ઉદયપુરના એક હેરિટેજ રિસોર્ટમાં થઈ હતી. માનિતે કહ્યું, "હું આ જ સ્થળે લગ્ન કરવા માગતો હતો અને આ વાત પહેલેથી નક્કી હતી. લગ્નના દિવસે ખૂબ વરસાદ પડી રહ્યો હતો. જોકે, અમારા લગ્ન શરૂ થયા એ વખતે વરસાદ બંધ હતો તે ઈશ્વરની કૃપા છે. સામાન્ય રીતે વર-કન્યા વારાફરતી મંડપમાં આવે છે પણ અમે બંને સાથે ગયા હતા. તે ખૂબ સુંદર લાગી રહી હતી. અમે બંને એ ક્ષણે ખૂબ જ ઈમોશનલ થયા હતા. માનિતે ખુલાસો કર્યો કે, તે લગ્નમાં ૧૦૮ વર્ષ જૂની તલવાર સાથે લઈને ગયો હતો. આ તલવાર પર માનિતના પરિવારના પુરુષ સભ્યોના નામ લખેલા હતા. જોકે, માનિત સ્ત્રી-પુરુષની સમાનતામાં માનતો હોવાથી તેના પિતાની પરવાનગી લઈને તેણે તલવાર પર પોતાનું અને પોતાની પત્નીનું નામ લખાવ્યું હતું. માનિત અને એન્ડ્રિયાની મુલાકાત વિદ્યાર્થી-શિક્ષક તરીકે થઈ હતી. શરૂઆતમાં તેઓ ફક્ત મિત્રો હતા. ૨૦૧૯માં વાતો કરતી વખતે તેમણે ખુલીને એકબીજાની લાગણીઓ વિશે જણાવ્યું હતું. માનિતે કહ્યું, "અમે ખૂબ સારા મિત્રો છીએ અને તે મને સારી રીતે ઓળખે છે." એન્ડ્રિયા ગ્રીસની હોવાથી માનિતના મનમાં સંબંધને લઈને થોડી શંકાઓ હતી. "તેણી ભિન્ન દેશ, સંસ્કૃતિ અને રહેણીકરણીમાંથી આવે છે. મેં તેને અમારા સંબંધમાં આવનારા પડકારો વિશે જણાવ્યું. ત્યારે તેણે મને કહ્યું હતું કે, આખી જિંદગી તારા વિના કાઢવી પડે એના કરતાં હું ચાર મહિના તારી સાથે રહેવાનું પસંદ કરીશ. આ વાક્યએ મને ઝંઝોળી નાખ્યો. માનિતે ખુલાસો કર્યો કે, તેણે જાન્યુઆરી ૨૦૨૩માં એન્ડ્રિયાને ફિલ્મી અંદાજમાં પ્રપોઝ કરી હતી. "મેં તેને મુંબઈ એરપોર્ટ પર પ્રપોઝ કરી કારણકે એક રીતે આ અમારું મિલન સ્થળ હતું", તેમ માનિતે ઉમેર્યું.



# માઉન્ટ આબુ ઉપરવાસમાં ભારે વરસાદ થતાં દાંતીવાડા ડેમમાંથી આજે બનાસ નદીમાં ૩૦,૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવશે

## દાંતીવાડા તાલુકાના નાંદોત્રા ઠાકોરવાસ, નાંદોત્રા બ્રાહ્મણવાસ અને સિકરીયા, ડીસા તાલુકાના ૧૮ ગામો અને કાંકરેજના ૩ ગામોને હાઇએલર્ટ જાહેર કરાયા

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૨૮ ।



ચાલુ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં અને દક્ષિણ રાજસ્થાનમાં સારા વરસાદને લીધે બનાસકાંઠા જિલ્લામાં આવેલ દાંતીવાડા બંધમાં સારા પ્રમાણમાં પાણીની આવક થઈ છે. ગઈકાલે રાત્રે માઉન્ટ આબુ ઉપરવાસમાં ૧૬૦ મી.મી. ભારે વરસાદ થતાં આજે તા.૨૮-૦૭-૨૦૨૩ના રોજ દાંતીવાડા ડેમમાં પાણીનો જથ્થો ૫૯૯.૩૫ ફૂટ એટલે કે ડેમ ૮૬.૬૨ ટકાથી વધુ ભરાયેલ છે. ડેમની ફૂલ કેપેસીટી ૬૦૪ ફૂટની છે એટલે કે ડેમ પૂર્ણ સપાટી નજીક ભરાતા આજે દાંતીવાડા ડેમમાંથી બનાસ નદીમાં ૩૦,૦૦૦ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવશે. હાલ દાંતીવાડા ડેમના ૩ દરવાજા ખોલવામાં આવ્યા છે. તેની સાથે દાંતીવાડા તાલુકાના નાંદોત્રા ઠાકોરવાસ, નાંદોત્રા બ્રાહ્મણ વાસ અને સિકરીયા, ડીસા તાલુકાના રાણપુર ઉગમણો વાસ, રાણપુર વચલો વાસ અને રાણપુર આથમણો વાસ, ભડથ, ચંદાજી ગોળીયા, મેડા, કોઠા, ચત્રાલા, વાસડા, લટીયા, ડાવસ, આખોલ, વડલી ફાર્મ, મહાદેવીયા, આખોલ નાની, આખોલ મોટી, માલગઢ, જુના ડીસા તથા કાંકરેજ તાલુકાના અરણીવાડા, બુકોલી, જમણાપાદર, ઉંબરી ગામને હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. આ ગામના લોકોએ નદીના વહેણ વિસ્તારમાં અવર- જવર કરવી નહીં.

બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાવાસીઓને સૂચિત કરવામાં આવે છે કે દાંતીવાડા ડેમના નીચાણવાસમાં રહેતા લોકોએ નદીના પટ વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં, નદીના પટમાં પ્રવેશ કરવાને લીધે અકસ્માત થવાની સંભાવના રહેલી છે. જેથી નદી વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ નદીના પટમાંથી સલામત સ્થળે પોતાના જાનમાલ અને પશુધન સાથે સલામત સ્થળે ખસી જવા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમજ નદીના પટમાં માઈનિંગના કારણે નદીના વહેણ વિસ્તારમાં ભરાયેલ પાણીમાં ન્હાવા જવું જીવ માટે જોખમી છે. બનાસ નદીમાં ન્હાવા નહીં જવા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે.

# નર્મદા ડેમમાં છેલ્લા ૨૪ કલાકમાં સપાટીમાં ૨૪ સે.મી.નો વધારો થયો

## ગરૂડેશ્વર, તિલકવાડા અને નાંદોદ તાલુકાના નિચાણવાળા ગામોને સાવચેતીના પગલારૂપે સાવધ કરાયાં

। રાજપીપળા, તા.૨૮ ।

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૨૯.૫૧ મીટરે નોંધાયેલી છે. ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારો થવાના કારણે નર્મદા ડેમમાં હાલમાં સરેરાશ આશરે ૯૦,૦૬૬થી વધુ ક્યુસેક પાણીના જથ્થાની આવક થઈ રહી છે.હાલ પાણીની આવક - ૯૫,૭૨૭ ક્યુસેક નોંધાઈ છે. છેલ્લા ત્રણ કલાકમાં પાણીની સરેરાશ આવક - ૯૦,૦૬૬ ક્યૂસેક નોંધાઈ છે. જેને કારણે ઉપરવાસના જળાશયોમાં પાણીની આવક વધવાને લીધે નર્મદા ડેમમાં ૬૭૪૧.૧૬ મિલિયન ક્યૂબિક મીટર પાણીનો જથ્થો સંગ્રહિત થતા હાલ નર્મદા ડેમ ૭૦ ટકા ભરાયેલો છે. ડેમમાં ઉપરવાસમાંથી થઈ રહેલી ૫૬૩૨૯ ક્યૂસેક પાણીના ઈનફ્લો સામે૯૫,૭૨૭ ક્યુસેક. ક્યૂસેક પાણીનો આઉટફ્લોપ, ૪૯૭ થઈ રહ્યો છે. નર્મદા જિલ્લા કલેકટર તેવતિયાએ નર્મદા ડેમમાં હાલમાં ઉપરવાસમાંથી થઇ રહેલી પાણીની આવકની પરિસ્થિતિને અનુલક્ષીને અને ડેમમાંથી નર્મદા નદીમાં પાણીના છોડાઈ રહેલા જથ્થાની પરિસ્થિતિ સંદર્ભે જરૂરી આગમચેતીના પગલાંના ભાગરૂપે નર્મદા જિલ્લા વહિવટીતંત્રને સાબદુ કર્યુ છે. તેમજ જિલ્લાના ગરૂડેશ્વર, તિલકવાડા અને નાંદોદ તાલુકાના મામલતદારશ્રીઓ, જિલ્લા પોલીસ સહિત સંબંધકર્તા તમામ વિભાગોને પૂરતી તકેદારી અને વોર્નિંગ મેસેજથી સાવચેતીના તમામ પગલાંઓ ભરવા સહિતની જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

#### જન સેવા કેન્દ્રો સામાન્ય માનવીને ઝડપી અને સરળ સેવાઓ પુરી પાડવાના ઉત્તમ માધ્યમ બની રહ્યા છે

# છેલ્લા એક વર્ષમાં આણંદ શહેર અને ગ્રામ્યના જન સેવા કેન્દ્રમાં કુલ ૬૩,૧૦૩ નાગરિકોએ વિવિધ પ્રકારની સેવાઓનો લીધો લાભ

## રાજ્ય સરકારની આ સેવા ખરેખર સામાન્ય માનવી માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે : લાભાર્થીઓએ વ્યક્ત કર્યો સૂર



। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૨૮ ।

છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા વલ્લભ વિદ્યાનગરના ભરતભાઈ વાલ્મીકિ હાલ કૃષ્ણ હોસ્પિટલ કરમસદમાં બીમારીને કારણે દાખલ છે.તેમણે આયુષ્ય માન કાર્ડ માટે આવકના દાખલાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ તો કરમસદના વિષ્ણુભાઈ તળપદાને જાતિના પ્રમાણપત્રની જરૂર પડી,આણંદના નરેન્દ્રભાઈ પ્રજાપતિને પોતાના પુત્રના ઉચ્ચ અભ્યાસ માટે આવક અને ઓ.બી.સીના પ્રમાણપત્ર તેવી જ રીતે આણંદના વિનિત કુમાર ઠાકોરને આઈ.ટી. આઈમાં પ્રવેશ માટે તાત્કાલિક નોન ક્રીમી લેયર પ્રમાણપત્રની જરૂર પડી.આ તમામ અરજદારોને એકપણ ધક્કા અને વધારાના ખર્ચ વગર આણંદ કલેકટર કચેરીના જન સેવા કેન્દ્રમાંથી જરૂરી પ્રમાણપત્રો સત્વરે મળી ગયા. આ અરજદારોને પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યું કે જન સેવા કેન્દ્રમાં અમારું કામ ખૂબ જ સરળ અને ઝડપી રીતે કોઈપણ જાતના વધારાના ખર્ચ અને એકપણ ધક્કા વગર અમારી જરૂરિયાત મુજબના પ્રમાણપત્રો મળી ગયા છે. રાજ્ય સરકારની આ સેવા ખરેખર સામાન્ય માનવી માટે ખૂબ જ આશીર્વાદરૂપ છે. નાગરિકોની જરૂરિયાતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે ગામ, નગર કે મહાનગરના દરેક વ્યક્તિને પોતાને મળતી સેવાઓ-સુવિધાઓ ઝડપી, પારદર્શી અને સરળતાથી મળે તે માટે જિલ્લા- તાલુકા મથકોએ કલેક્ટર કચેરી, મામલતદાર કચેરીમાં જન સુવિધા કેન્દ્રો તરીકે વિસ્તારી છે. જન સેવા કેન્દ્રોમાં ટેકનોલોજીનો વિનિયોગ કરી લોકોને ઝડપી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જન સેવા કેન્દ્રો સાચે જ સામાન્ય માનવીને ઝડપી અને સરળ રીતે સેવાઓ પૂરી પાડવાના ઉત્તમ માધ્યમ બની રહ્યા છે.આણંદ જિલ્લામાં તમામ આઠેય તાલુકાઓની મામલતદાર કચેરીઓમાં નાગરિકોની સુવિધા અર્થે જન સુવિધા કેન્દ્રો કાર્યરત છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે કાર્યરત આણંદ શહેર ગ્રામ્ય મામલતદાર કચેરીના જન સુવિધા કેન્દ્રમાં અપાતી સેવાઓની વાત કરીએ તો છેલ્લા એક વર્ષમાં શહેરમાં ૨૧,૪૫૯ અને ગ્રામ્યમાં ૪૧,૬૪૪ સહિત કુલ ૬૩,૧૦૩ નાગરિકોની વિવિધ પ્રકારની સેવાઓ માટે કરેલ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરવામાં આવ્યો છે. આ પેટે રાજ્ય સરકારને રૂ.૧૧.૭૩ લાખ જેટલી ફી ની આવક પણ થઈ છે.

# નર્મદા જિલ્લામાં અમૃત સરોવર તથા ખુજલામ સુફલામ યોજના અંતર્ગત કામગીરીમાં ભ્રષ્ટાચાર

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૮ ।



રાજ્ય સરકાર દ્વારા નર્મદા જિલ્લામાં જળસંચયની સાથે કુશળ શ્રમિકોને સ્થાનિક લેવલે રોજગારી મળે તે હેતુથી, લોક ભાગીદારીથીગથ ધરી શકાય તેવી કામગીરી માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા સિંચાઈ વિભાગ દ્વારા અમૃત સરોવર તથા સુજલામ સુફલામ યોજના અમલમાં મૂકીને ૪૨૩ તળાવો પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક આગેવાનોને સાથે રાખી તપાસ કરતા માલુમ પડેલ છે કે મનરેગા યોજનામાં ગ્રામ પંચાયતના નેજા હેઠળ મસ્ટર ભરીને લોક ભાગીદારીથી થયેલી કામગીરી સિવાયના તમામ કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયેલ છે. નર્મદા જિલ્લામાં અમૃત સરોવર તથા ખુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા વન વિભાગ,વોટરશેટ દ્વારા મશીનરીથી કરવામાં આવેલ વન તલાવડીઓની કામગીરીમાં ખુબજ મોટા પાયે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયેલ છે.

કેટલાક તળાવમાં પાવડા પણ નથી માર્યા અને કામ પૂર્ણ બતાવી લાખો રૂપિયાના ચુકવણા કરીદેવામાં આવેલ છે. કેટલાક તળાવોના મનરેગા યોજના અને સુજલામ સુફલામ યોજના, આમ બે યોજનામાં ૫ થી ૭ લાખ સુધી ચુકવણા કરી દેવામાં આવેલ છે. કેટલીક જગ્યા કામગીરી થયેલનથી, છતા પણ વરસાદથી ભરાયેલા તળાવોના ચુકવણા કરી દેવામાં આવેલ છે. દર વખતની જેમ આ યોજનાઓમાં ઉનાળામાં કોઇપણ જાતની કામગીરી કરવામાં આવતી નથી વરસાદ આવવાના સમયે એક-બે દિવસ અધુરી કામગીરી કરી અને કેટલાક તો વગર કામગીરીએ પાણી ભરાયા બાદ લાખો રૂપિયાના ચુકવણાઓ કરી ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે.

# ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ

। ડાંગ તા.૨૮ ।

ડાંગ જિલ્લામા કલેક્ટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ હતી.

જેમા તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંગે ધુમ્રપાન નિષેધ નિયમભંગ COTPA- ૨૦૦૩ અધિનિયમ અન્વયે તમાકુ નિયંત્રણ ભંગ બદલ કરેલ કેસોની ચર્ચા કરવામા આવી હતી. આ બેઠકમા કલેક્ટર શ્રી મહેશ પટેલે ડાંગ જિલ્લામા COTPA - ૨૦૦૩ અધિનિયમ અંતર્ગત તમાકુ નિયંત્રણ માટે સંબધિત અધિકારી/કર્મચારીઓને કાયદાનુ ચુસ્ત પણે પાલન કરવા માટે સુચન કર્યુ હતુ. તેમજ તમામ સરકારી કચેરીઓમા ધુમ્રપાન નિષેધના સુચક પોસ્ટર લગાવવા સુચન કર્યુ હતુ. સાથે જ કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજ્યામા તમાકુનુ વેચાણ ન થાય, જેથી ટોબેકો ફ્રી સ્કુલ કરી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

ઈ.ચા. રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી ડો.દીલીપ શર્મા દ્વારા તમાકુ નિયંત્રણ COTPA-૨૦૦૩ અધિનિયમ અંતર્ગત ભારતમાં તમાકુ નિયંત્રણ માટેનો કાયદા વિશે માહિતી આપવામા આવી હતી. તેમજ તમાકુ નિયંત્રણ COTPA-૨૦૦૩ અધિનિયમ ના ભંગ બદલ થતો દંડ અને સજા અંગેની ચર્ચા કરવામા આવી હતી.

# ભાજપના ધારાસભ્ય મહેશ કસ્વાલા એક સમુદાય ધર્મના ટાર્ગેટ કરીને વાંધાજનક નિવેદ આપ્યું

। સાવરકુંડલા, તા.૨૮ ।



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસ્વાલા સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ૨૨ જુલાઈ શનિવારના રોજ વતનનું જતન કાર્યક્રમની ઉપ સ્થિતિમાં ધારાસભ્ય શ્રી મહેશ કસ્વાલા એક મંચ ઉપર ઉભા રહીને ચોક્કસ ઈરાદાપૂર્વક એક સમાજને ટાર્ગેટ કરીને નિવેદનો ભાષણમાં આપ્યા, સાવરકુંડલા અનેક પ્રકારની સમસ્યાથી ઘેરાયેલું હતું અમે એના કામના આધારે શરૂ કર્યું અને ૧૧૦૦ જેટલા દબાણો દૂર કર્યા છે, વધુમાં કહ્યું કે એ દબાણની અંદર ૯૦ ૧૦ નો રેસીયો હતો જેમાં તેમણે ભાષણમાં ભારપૂર્વક કહ્યું કે આમા તાળીઓ પડવી જોઈએ બીજામાં ના પડે તો કાંઇ વંધો નહી સમજવા જેવું છે કે ૯૦ ૧૦ એટલે શું? તેમણે કોઈ એક સમાજને ટાર્ગેટ કર્યો છે.

ધારાસભ્યશ્રી વધુ સંબોધનમાં કહે છે કે મહેરબાની કરીને આને કોઈ રેકોર્ડ ન કરતા, ચૂંટણીના સમયે જ્યારે હું સુરત અવ્યો મોટાભાગના લોકો હાજર હતા મેં કીધું હતું કે સાવરકુંડલા નો રોડ સારો નહીં હોય તો ચાલશે, એક ખેડૂત નું કામ નહી થાય તો ચાલશે પણ સાવરકુંડલાની મૂળ પીડા થી મારે એને મુક્તિ અપાવી છે ૨૦ વર્ષના શાસનની નિષ્ફળતાએ સાવરકુંડલાની અંદર આતંકવાદીઓની બનાવવાની ફેક્ટરીઓ શરૂ કરી અને સાવરકુંડલાની અંદર કટ્ટરવાદી શિક્ષણ આપવાની જે ખેવના થતી હતી એટલે મારે સાવરકુંડલાને આમાંથી મારે મુક્તિ અપાવી હતી.

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના એક સારા પ્રવક્તા છે તે સાવરકુંડલાના ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા છે તેમણે આવા બેતુકા નિવેદનોથી એક ચોક્કસ સમાજને લાગણી દુભાય છે.

# ભારે વરસાદના કારણે સુરત જિલ્લામાં પંચાયત હસ્તકના ૪૫ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરાયા

। સુરત, તા.૨૮ ।

સુરત જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન બારડોલી તાલુકામાં ૮ ઈચ, મહુવા તાલુકામાં ૧૨ ઈચ પલસાણા તાલુકામાં ૬ ઈચ, માંડવીમાં ચાર ઈચ જેટલા ભારે વરસાદના કારણે જિલ્લામાં ઓવર ટોપીંગ, અન્ડર પાસમાં પાણી ભરવાને કારણે બપોરે ૧.૦૦ વાગ્યાની સ્થિતિએ ૪૫ જેટલા રસ્તાઓને વાહન વ્યવહાર તથા લોકોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યા છે. જેમાં પલસાણાના નવ, બારડોલીના ૧૭, મહુવાના ૧૩ અને માંડવી તાલુકાના છ રસ્તાઓ બંધ કરાયા છે. જરૂર જણાય ત્યાં હોમગાર્ડ પણ તૈનાત કરવામાં આવ્યા છે. લોકો અવરજવર તરીકે વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરી શકશે. મહુવા તાલુકાના ૧૩ રસ્તાઓ પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. જેમાં મહુવા તાલુકામાં ભગવાનપુરા વાંકથી સાંબા રોડ, કોષ ખાખરી ફળિયાથી ચડાવ રોડ, આંગલધરા પારસી ફળિયા રોડ,નળધરા સરકાર ફળીયા ટુ બેઝીયા ફળીયા રોડ, ફરવણ કોધાર ફળીયા રોડ, વહેવલ ખુંટી ફળીયા રોડ, મહુવરીયા પટેલ ફળીયા ટુ લીમડી ફળીયા ટુ કાકરીમોર કોલોની રોડ, મહુવરીયા કાંકરીમોરા રોડ, ખરવણ ભીલ ફળીયા રોડ, મહુવા ઓંડચ આમચક કવિઠા નિહાલી રોડના રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

**બારડોલી તાલુકા ભારે વરસાદના કારણે ૧૭ રસ્તાઓ બંધ કરાયા**

બારડોલી તાલુકામાં ઉતારા વધાવા કરચકા રોડ,વાંકાનેર પારડી વાલોડ રોડ,બાલદા જુવવાણી રોડ,જુની કીકવાડ ગભેણી ફળિયા રોડ, રામપુરા એપ્રોંચ રોડ(પી.એમ.જી.એસ.વાય), ખરવાસા મોવાછી જોઈનીંગ સામપુરા રોડ, નસુરા મસાડ નવી વસાહત,નસુરા મસાડ વગા રોડ,ટીમ્બરવા કરચકા રોડ, વડોલી બાબલા રોડ, સુરાલી કોતમુંડા થી બેલ્ધા રોડ,વડોલી અંચેલી રોડ,સુરાલી સવિન જકાભાઈના ઘરથી ધારિયા કોઝવે રોડ, સુરાલી ધારિયા ઓવારા રોડ, રાયમ ગામે વોરટરવર્કથી સ્માશાન તરફ જતો રોડ, ઉવા કાપલીયા ફળિયા રોડ અને ખરડ એપ્રોચ રોડ પરનો વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નાગરિકો નજીકના રસ્તાઓનો ઉપયોગ કરી શકશે.

**પલસાણા તાલુકાના નવ રસ્તાઓ બંધ કરાયા**

સુરતના પલસાણા તાલુકાના બગુમરા તુંડી રોડ, બગુમરા બલેશ્વર રોડ, તુંડી દસ્તાન રોડ, એના વીન્ઝોલીયા રોડ, તુંડી દસ્તાન રોડ, ઓલ્ડ બી. એ રોડ પાર્સીગ થુ ચલથાણ બલેશ્વર પલસાણા વિલેજ રોડ, અંભેટી વાધેચ રોડ, મલેકપુર સીસોદરા રોડ, મખિંગા જોઈન્ટ ટુ NH રોડ બંધ કરવામાં આવ્યા છે.

માંડવી તાલુકામાં છ રસ્તાઓ ઓવર ટોપીંગના કારણે વિરપોર ઘલા રોડ, કાકરાપાર એપ્રોચ રોડ, માંડવી મોરીઠા કાલીબેલ રેગામાં રોડ, દેવગઢ અંધારવાડી લીબ્ધા રોડ, દેવગઢ કોલખડી રોડ, દેવગઢ લુહારવડ રોડ બંધ કરવામાં આવ્યા છે.

# દીપ દર્શન માધ્યમિક શાળા ખાતે મેગા પ્લાન્ટેશન ડ્રાઇવ અભિયાનનુ આયોજન કરાયુ

આઝાદી કા અમૃત મહોત્સવ, ‘‘મેરી માટી મેરા દેશ’’ અભિયાન કાર્યક્રમ અંતર્ગત દીપ દર્શન માધ્યમિક શાળા આહવા ખાતે તારીખ ૨૪/૦૭/૨૦૨૩ થી તારીખ ૨૬/૦૭/૨૦૨૩ સુધી મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ અભિયાનનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રકૃતિપ્રેમી એવા ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિજયભાઇ દેશમુખે વિધ્યાર્થીઓને વૃક્ષોનુ મહત્વ અને વૃક્ષોના જતન માટેની પહેલ કરી હતી. દીપ દર્શન શાળામા મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ અભિયાન અંતર્ગત શાળાના આચાર્યા સિસ્ટર સુહાસિની, શાળાના શિક્ષકો તેમજ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા શાળા કેમ્પસ, શાળા કેમ્પસની બહાર, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ઘરે કુલ ૬૦૦ થી વધુ વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમે અનુભવશો કે તમારા જીવનસાથી તરફથી તમને ધ્યાન અપાઈ રહ્યું નથી.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે ટેન્શનમુક્ત અને શાંત રહો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધ માં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો. આજ પહેલા લગ્નજીવન આટલું અદભુત ક્યારેય નહોતું.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી, આના થી તમારા સંબંધો સુધારવા ને બદલે બગડી શકે છે. આજે પરિવાર સાથે ખરીદી પર જવું શક્ય છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પ્રેમ એ તમારા પ્રિયપ ાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. પ રિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તબિયત પર ધ્યાન આપવું પડશે. ધનની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. તે સારો દિવસ છે, આજે તમારી પ્રેમિકા તમારી કોઈ વાત પર દિલ ખોલી ને હસશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે કે તમે તમારો કિંમતી સમય નો બગાડ કર્યો છે. આ સપ્તાહ માં, તમે ઘણું બધું કરવા માંગો છો, પરંતુ જો તમે કામ કરવા નું ટાળતા જશો.

### અહીંયા દફન થવા માટે લોકો કરે છે દુઆ

## ઇરાકમાં શિયાઓના પવિત્ર શહેર નજફમાં વિશ્વનું સૌથી મોટું કબ્રસ્તાન

। નવી દિલ્હી, તા.૨૮ ।

ઈરાકનું નજફ શહેર શિયા મુસ્લિમોનું સૌથી પવિત્ર શહેર છે. વિશ્વનું સૌથી મોટું કબ્રસ્તાન 'વાડી અલ-સલામ' આ શહેરમાં આવેલી છે. આ કબ્રસ્તાનના નામનો અર્થ વેલી ઓફ પીસ છે. અહીં એટલા માટે મુસ્લિમ સમુદાયના લોકો મૃત્યુ પછી અહીં દફન થવા માટે દુઆ માંગતા હોય છે.

આ કબ્રસ્તાનમાં લાખો મુસ્લિમોને દફનાવવામાં આવ્યા છે. વિશ્વના ડઝનબંધ પ્રખ્યાત વૈજ્ઞાનિકો ઉપરાંત, ઘણી હસ્તીઓ આમાં સામેલ છે. ૧૪મી સદીમાં બનેલું આ કબ્રસ્તાન ધીમે ધીમે મોટા વિસ્તારમાં ફેલાયેલુ છે. તેનું વિસ્તરણ દક્ષિણ-પશ્ચિમ દિશામાં મહત્તમ રહ્યું છે. ૯૧૭ હેક્ટરમાં ફેલાયેલું આ કબ્રસ્તાન કોઈ શહેરથી ઓછું નથી લાગતું. અહીં એક છેડેથી બીજા છેડા સુધી જવા માટે તમને ઘણો સમય લાગી શકે છે. હાલના દિવસોમાં આ કબ્રસ્તાનમાં દરરોજ દફનાવવામાં આવતા લોકોની સંખ્યા વધી રહી છે. જેનું કારણ ખૂબ જ દુઃખદ છે. વાસ્તવમાં, ISIS સામે લડતા માર્યા ગયેલા મુસ્લિમોને અહીં દફનાવવામાં આવ્યા છે. તાજેતરના સમયમાં મધ્ય પૂર્વમાં ISISની ગતિવિધિઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે, તેમનો સામનો કરવા જતા પહેલા મુસ્લિમ સૈનિકો આ 'શાંતિની ખીણ'માં પ્રાર્થના કરે છે કે, મૃત્યુ પછી તેમને અહીં દફનાવવામાં આવે. ISIS સામે લડતા મૃત્યુ પામેલા સૈનિકની કબર પર બેઠેલી માસૂમ બાળકી. લડાઈના કારણે મૃત્યુઆંક ઘણો વધી ગયો છે. નવા રિપોર્ટ અનુસાર અહીં દરરોજ ૨૦૦ લોકોને દફનાવવામાં આવી રહ્યા છે.

### રેલવેએ વિક્રેતાને ફટકાર્યો ૨૫ હજારનો દંડ

## વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરના ભોજનમાંથી નીકળ્યો વંદો



। નવી દિલ્હી, તા.૨૮ ।

વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થઈ ત્યારથી ખૂબ ચર્ચામાં છે. ક્યારેક ટ્રેન સાથે પશુ અથડાઈ જવાને લીધે તો ક્યારેય વધુ ભાડાને લઈને ચર્ચામાં રહે છે. જે પ્રકારે ટ્રેનનું બ્રાન્ડિંગ કરવામાં આવ્યું હતું એ જોતાં લાગતું હતું કે, રેલવેમાં ક્રાંતિ થઈ રહી છે. સ્પીડને બાદ કરતાં તમામ રીતે આ ટ્રેન અન્ય ટ્રેનો જેવી જ છે તેમ કહી શકાય.

હવે ફરી એકવાર વંદે ભારત એક્સપ્રેસ ચર્ચામાં છે અને તેનું કારણ જાણીને તમને નવાઈ લાગશે. ભોપાલથી દિલ્હી વચ્ચે દોડી રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર ૨૦૧૭૧ સાથે જોડાયેલો આ કિસ્સો છે. ટ્રેના સી-૮ કોચની સીટ નંબર ૫૭ પર ભોપાલથી ગ્વાલિયર સુધી મુસાફરી કરી રહેલા એક યુવકે પોતાના માટે ભોજન મંગાવ્યું હતું. તેણે ભોજન શરૂ જ કર્યું હતું ત્યાં પરાઠામાં વંદો જોઈને તે ચકિત થઈ ગયો. તેણે તરત જ આ અંગે ફરિયાદ કરી હતી. ટ્વિટર પર તેણે મીલનો ફોટો શેર કર્યો હતો. જેમાં પરાઠામાં વંદો જોવા મળી રહ્યો છે. તેણે ટ્વિટ કરતાં લખ્યું, "વંદે ભારત ટ્રેનમાં મારા ભોજનમાંથી વંદો નીકળ્યો છે." આ સાથે જ તેણે આઈઆરસીટીસીને પણ ટેગ કર્યું હતું. આઈઆરસીટીસીના ધ્યાને આ વાત આવતાં તેમણે તરત જ પગલા ભર્યા હતા. ગાડીમાં રહેલા હાજર આઈઆરસીટીસીના કર્મચારીએ મુસાફરને ભોજન બદલી આપ્યું હતું. અધિકારીએ ભરેલા પગલાથી યાત્રી સંતુષ્ટ હોય તેવું લાગ્યું હતું. ૨૪ જુલાઈ ૨૦૨૩ના રોજ બનેલી આ ઘટના પર આઈઆરસીટીસીએ ત્વરિત પ્રતિક્રિયા પણ આપી હતી. ટ્વિટર પર તેમણે લખ્યું, "આ ખરાબ અનુભવ બદલ અમે ક્ષમાપ્રાર્થી છીએ. આવી ઘટના ભવિષ્યમાં ના બને તે માટે યોગ્ય પગલા લેવાશે તેવી ખાતરી આપીએ છીએ. તમારો પીએનઆર નંબર અને મોબાઈલ નંબર ડાયરેક્ટ મેસેજ થકી અમને મોકલવા વિનંતી કરીએ છીએ.



વારાણસીમાં કોંગ્રેસના નેતા નવજોત સિંહ સિદ્ધૂ અને કોંગ્રેસના પ્રાંતના પ્રમુખ અજય રાય પંચક્રોશી મણિકર્નીકા કુંડ સ્થલની મુલાકાત કરી હતી.

## સિક્કિમમાં સરકારી મહિલા કર્મીને ૧૨ માસની મેટરનીટી લિવ

। સિક્કિમ, તા.૨૮ ।

સિક્કિમ સરકારે મેટરનિટી લીવને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે રાજ્યમાં માતા બનનાર સરકારી મહિલા કર્મચારીઓને ૧૨ મહિનાની રજા આપવામાં આવશે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે આ એલાન કર્યું છે. આ ઉપરાંત બાળકના પિતાને પણ એક મહિનાની રજા આપવાની જોગવાઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ટૂંક સમયમાં આ અંગેના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે અને આ યોજના રાજ્યમાં લાગુ કરવામાં આવશે. જેના કારણે રાજ્યની હજારો મહિલાઓને ફાયદો થશે. સિક્કિમ સ્ટેટ સિવિલ સર્વિસ ઓફિસર્સ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાને સંબોધિત કરતા સિક્કિમના સીએમ તમાંગે જણાવ્યું કે, આ નિર્ણયથી સરકારી કર્મચારીઓને તેમના બાળકો અને પરિવારની સારી સંભાળ રાખવામાં મદદ મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે ટૂંક સમયમાં તેની વિગતવાર માહિતી જાહેર કરવામાં આવશે. આ એલાન અંગે સીએમ તમાંગે કહ્યું કે, અધિકારીઓ રાજ્ય વહીવટીતંત્રની કરોડરજ્જુ છે જેઓ સિક્કિમ અને તેના લોકોના વિકાસ અને વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

## યુએસ ફેડરલના વ્યાજ દરમાં ૨૨ વર્ષનો સૌથી ઊંચો વધારો

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકી ફેડરલ રિઝર્વ (યુએસ ફેડરલ રિઝર્વ) ની બેઠકમાં ફરી એકવાર મોટો નિર્ણય લેવામાં આવતા વ્યાજદરોમાં વધારો કરાયો છે. જેની સાથે જ તે ૨૨ વર્ષના ઓલટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગયા છે. એફઓએમસીની બેઠકમાં બેન્ચમાર્ક લેન્ડિંગ રેટમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો વધારો કરાયો છે અને તે હવે ૫.૨૫-૫.૫૦ની રેન્જમાં આવી ગયો છે. અગાઉ ૨૦૦૧માં ફેડના વ્યાજદર આ લેવલની નજીક આવ્યા હતા અને ૨૦૦૧ બાદથી તે હવે આ ઓલટાઈમ હાઈના લેવલ પર છે. અમેરિકી ફેડરલ રિઝર્વે દેશમાં વધતી મોંઘવારીનો સામનો કરવાનો નિર્ણય કર્યો છે.

## શ્રીનગરમાં મોહરમના જુલૂસની પરવાનગી અપાઈ

। શ્રીનગર, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રએ બુધવારે ૩ દાયકા કરતા વધુ સમય સુધી પ્રતિબંધિત રહ્યા બાદ ગુરુવારે શ્રીનગરથી ૮ મા મોહરમ જુલૂસની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો. જોકે, તંત્રએ જુલૂસ માટે એક સમય મર્યાદા નક્કી કરી છે. શ્રીનગરના ડેપ્યુટી કમિશનર અજાજ અસદ દ્વારા બુધવારે સાંજે જાહેર કરાયેલા એક આદેશ અનુસાર ૨૭ જુલાઈ ૨૦૨૩એ સવારે ૬ વાગ્યાથી સવારે ૮ વાગ્યા સુધી ૮ મી મોહરમ- ૧૪૪૫ એ ગુરુ બજારથી બુડશાહ કદલ અને એમ.એ. રોડ શ્રીનગરના માધ્યમથી ડલગેટ સુધી મોહરમ જુલૂસ કાઢવાની પરવાનગી આપવામાં આવી છે. બુધવારે પોતાના આદેશમાં તંત્રએ જુલૂસ કાઢનાર લોકોને કહ્યુ છે કે કોઈ પણ પ્રકારનું રાષ્ટ્ર-વિરોધી/સ્થાપના-વિરોધી ભાષણ/સૂત્રોચ્ચાર કે પ્રચાર કરે નહીં. કાશ્મીરના એડીજીપીએ જમ્મુ-કાશ્મીર સરકાર દ્વારા લગભગ ૩ દાયકા બાદ શ્રીનગરમાં પોતાના પારંપરિક માર્ગ પરથી મોહરમ જુલૂસની અનુમતિ આપવા અંગે વાત કરતા કહ્યુ કે સરકારે જ્યારે આ નિર્ણય લીધો તે બાદ તાત્કાલિક અમે બેઠક કરી અને ગઈ કાલ રાતથી જ પોલીસદળ તૈનાત છે. જમ્મુ-કાશ્મીરમાં મોહરમના જુલૂસની પરવાનગીનો મુદ્દો એટલા માટે મહત્વનો છે કેમ કે ૩ દાયકા કરતા વધુ સમયથી આની પરવાનગી નહોતી, કેમ કે સરકાર જુલૂસ કાઢનારને અલગાવવાદી આંદોલન પ્રત્યે નરમ માનતી હતી. ૧૯૯૦માં જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘૂસણખોરીની શરૂઆતમાં આની પર પ્રતિબંધ લગાવી દેવાયો હતો.

## ભારતીય પાસપોર્ટ પર વિઝા વિના વિશ્વના ૫૦થી વધુ દેશમાં જઈ શકાય છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

જે લોકોને ફરવાનો શોખ હોય છે, તેઓ સૌથી પહેલા પોતાનો પાસપોર્ટ બનાવી લે છે, આખરે દુનિયા ફરવાની મજા જ કંઈક અલગ હોય છે, પરંતુ જો તમે અન્ય દેશની મુસાફરી કરી રહ્યા હોવ તો સામાન્યરીતે પાસપોર્ટ સિવાય વિઝા જરૂરી હોય છે. જેના કારણે ઘણા લોકો અન્ય દેશોમાં મુસાફરી કરવાનો આનંદ ઉઠાવી શકતા નથી પરંતુ શું તમે જાણો છો કે વિઝા વિના પણ ઈન્ડિયન પાસપોર્ટ પર દુનિયાના લગભગ ૫૦થી વધુ દેશોની મુસાફરી કરી શકાય છે. આ દેશોમાં તમારે કોઈ પણ પ્રકારના વીઝાની જરૂર પડશે નહીં. તાજેતરમાં રિલીઝ થયેલા રિપોર્ટ અનુસાર ભારતીય પાસપોર્ટ ધારક મુસાફર ઘણા દેશોમાં વિઝા વિના એન્ટ્રી કરી શકે છે. આ દેશોમાં અલ્બેનિયા, સર્બિયા, બોત્સ્વાના, ઈથોપિયા અને યુગાન્ડા જેવા દેશોનો સમાવેશ થાય છે એટલે કે આ દેશોમાં જવા માટે તમારે એડવાન્સમાં વિઝા અપ્લાય કરવાની જરૂર પડશે નહીં. આ યાદીમાં મિડલ ઈસ્ટના દેશો જેમ કે ઈરાન, જોર્ડન, ઓમાન અને કતારનું નામ છે જ્યાં તમે વિઝા વિના ફરી શકો છો. એશિયાઈ દેશો જેમ કે કમ્બોડિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને થાઈલેન્ડ પણ આ યાદીમાં સામેલ છે. તાજેતરમાં જ ભૂટાન અને નેપાળે પણ ભારતીય પાસપોર્ટ ધારક મુસાફરો માટે વિઝા ઓન અરાઈવલના બદલે વિઝાની ફ્રી ટ્રાવેલની ભેટ આપી છે એટલે કે જ્યારે તમે આ દેશો માટે રવાના થશો તો વિઝા ઈન્ટરવ્યૂ, વિઝાની લાઈન, પેપરવર્ક કરવાની જરૂર પડશે નહીં.

# જાવેદના પ્રેમમાં પાકિસ્તાન પહોંચી ચીનની યુવતી, ટૂંક સમયમાં તે હવે ચીન પરત ફરશે

### પોલીસે હાલ આ ચીની યુવતીને પૂરતી સુરક્ષા આપી છે અને તે કાયદેસર રીતે પાકિસ્તાન પહોંચી છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભલે એકબીજાના દેશ વચ્ચેના સંબંધો ખરાબ હોય, પણ આજકાલ સરહદ પાર કરીને પ્રેમીને મળવા પહોંચવા કિસ્સામાં વધારો થયો છે અને આવી લવ સ્ટોરીઓએ બંને દેશોના લોકોનું ધ્યાન પણ ખેંચ્યું છે. પાકિસ્તાની સીમા હૈદર પોતાના પ્રેમમાં પામવા માટે ભારત આવી તો ભારતની અંજુ પાકિસ્તાની મિત્રને મળવા માટે ત્યાં પહોંચી છે. આ દરમિયાન પોલેન્ડની એક મહિલા ઝારખંડમાં રહેતા પ્રેમીને મળવા માટે પહોંચી હતી. ત્યારે આવો જ એક કિસ્સો ચીન અને પાકિસ્તાનનો પણ સામે આવ્યો છે.

ચીનમાં રહેતી એક યુવતી તેના પાકિસ્તાની પ્રેમીને મળવા માટે પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખાં પહોંચી હતી. સોશિયલ મીડિયા દ્વારા તેઓ એકબીજાના સંપર્કમાં આવ્યા અને પ્રેમ થઈ ગયો હતો. પોલીસે પણ આ વાતની જાણકારી આપી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું ક, એક મહિલા કે જેની ઓળખ ફેંગ તરીકે થઈ છે. જે ત્રણ મહિનાના વિઝા પર ગિલગિટના રસ્તે થઈને બુધવારે ઈસ્લામાબાદ પહોંચી હતી. ૨૧ વર્ષીય યુવતીને ૧૮ વર્ષીય દોસ્ત જાવેદ લેવા માટે પહોંચ્યો હતો.



જે અફઘાનિસ્તાનની સીમા પાસે આવેલા એક જિલ્લામાં રહે છે. અફઘાનિસ્તાનની સામા પાસે બાજૌર જિલ્લામાં સુરક્ષા સ્થિતિના કારણે જાવેદ મહિલાને પોતાના ગૃહનગરના બદલે નીચલે દીર જિલ્લામાં સમરબાગમાં પોતાના મામાના ઘરે લઈ ગયો હતો. પોલીસના જણાવ્યા મુજબ,છેલ્લાં ત્રણ વર્ષથી સ્નેપચેટ દ્વારા બંને સંપર્કમાં હતા. એ પછી બંનેની દોસ્તી પ્રેમમાં બદલાઈ ગઈ હતી.

જાવેદના પિતરાઈ ભાઈ ઈજ્જતુલ્લાએ જણાવ્યું કે, ચીની મહિલા ગાઓએ ઈસ્લામ ધર્મ પણ અંગીકાર કરી લીધો છે અને બુધવારે જાવેદ સાથે નિકાહ પણ કરી લીધા છે. હવે તેનું નવું નામ કિસ્વા છે. ઈજ્જતુલ્લાએ કહ્યું કે, ગાઓ ૨૦ જુલાઈના રોજ ઈસ્લામાબાદ પહોંચી હતી. જ્યાં જાવેદ તેને લેવા માટે પહોંચ્યો હતો. ત્યાંથી તેઓ ૨૧ જુલાઈના રોજ નીચલે દિર જિલ્લામાં આવ્યા હતા અને સમરબાગમાં તેમના ઘરે રોકાયા છે. બુધવારે બંનેએ નિકાહ કર્યા અને પછી ઈસ્લામાબાદ માટે રવાના થયા હતા. જો કે, સ્થાનિક પોલીસ અને જિલ્લા તંત્રએ મોહરમ અને સુરક્ષાના કારણોસર જાહેરમાં ન ફરવા માટે સૂચના આપી છે. ઈજ્જતલુલ્લાએ કહ્યું કે, જાવેદ બાજૌર ડિગ્રી કોલેજમાં કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરે છે અને ચીનમાં ગાઓ સાથે કોર્ટમાં મેરેજ કરશે. પોલીસે પણ આ વાતની પુષ્ટિ કરી છે. ઈજ્જતુલ્લાએ આગળ જણાવ્યું કે, કેટલાંક દિવસો પછી તે ચીન પરત ફરશે અને જાવેદ પાકિસ્તાનમાં જ રહેશે. પોતાનો અભ્યાસ પૂરો કર્યા બાદ તે ચીન જશે અને ત્યાં લગભગ એક વર્ષ જેટલું રોકાશે. તો આ પહેલાં જિલ્લા પોલીસ ઓફિસર જિયાદીને મીડિયાને જણાવ્યું કે, ચીની મહિલાને સમરબાગ વિસ્તારમાં સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવી છે. જો કે, મહોરમ અને અન્ય વિસ્તારોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને જાહેરમાં ન ફરવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

**વિશેષ**

### ખેડા જિલ્લાના માતર તાલુકાના બહેનો નાણાકીય સમાવેશન અને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ બન્યા

# મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત માતર તાલુકાના ભલાડા ગામની મહિલાઓ બની આત્મનિર્ભર

### સ્વાવલંબન યોજના અંતર્ગત લોન સહાય મેળવી મનપસંદ વ્યવસાય દ્વારા પરિવારને મદદરૂપ બન્યા

કોઈપણ પરિવારની સમગ્ર સુખાકારીમાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય હોય છે. મહિલાઓ વિવધ પ્રકારની જવાબદારીઓનું કાળજીપૂર્વક વહન કરી પરિવારના તમામ સભ્યોને સતત પ્રગતિશીલ બનાવવામાં કાર્યરત હોય છે. આજની મહિલા પોતાની તથા પરિવારની સર્વાંગી વુધ્ધિ માટે આર્થિક સહાય કરવામાં પણ આગે કદમ કરી રહી છે. જેથી પરિવારના ખર્ચના બોજા હેઠળ કોઈ એક જ વ્યક્તિ દબાઈ ના જાય. અને એટલે જ રાજ્યની મહિલાઓ પોતાના રસ અને આવડત પ્રમાણે નાનો મોટો વ્યવસાય ચાલુ કરી શકે એ હેતુ થી ગુજરાત સરકારની મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત તેમને જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

વાત કરીએ ખેડા જિલ્લામાં મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત આત્મનિર્ભર બનેલી માતર તાલુકાના ભલાડા ગામની બે મહિલાઓની. આ મહિલાઓ મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત લોન સહાય મેળવીને પોતાનો મનપસંદ વ્યવસાય ચાલુ કર્યો અને આજે ઘરકામ કરતા કરતા પણ આર્થિક આવક મેળવીને





પરિવારને સશક્ત બનાવવાની દિશામાં કાર્યરત છે. માતરના ભલાડા ગામના ૨૫ વર્ષીય અંજલીબેન અજયકુમાર સોલંકીએ અને ૩૫ વર્ષીય ભાવનાબેન સંજયભાઈ વાણંદે મહિલા સ્વાવલંબન યોજના થકી અનુક્રમે રૂ. ૫૦,૦૦૦ અને રૂ. ૧,૮૦,૦૦૦ લોન મેળવીને પોતાનો સિવણકામ અને દુકાનદારીનો મનપસંદ વ્યવસાય ચાલુ કર્યો છે. અંજલીબેનને નાનપણથી જ સિવણનો ખૂબ જ શોખ હતો. નવરાશના સમયે કંઈક કામકાજ કરી પોતાના પરિવારને આર્થિક મદદ કરવાની પ્રબળ ઈચ્છાશક્તિને કારણે આજે તેઓ દર મહિને સીલાઈકામ દ્વારા રૂ. ૫૦૦૦ કમાય છે. તેઓ જણાવે છે કે મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત તેમને ૫૦,૦૦૦ હજારની સહાય મળી જેનાથી તેઓ પોતાનું સીવણ મશીન વસાવી શક્યા છે. ઘરે બેઠા જ સિલાઈકામ કરી પરિવારમાં નિયમિત આર્થિક ફાળો આપતા અંજલીબેનમાં આત્મવિશ્વાસનો નવો સંચાર થયો છે. એવી જ રીતે ભાલડના ૩૫ વર્ષીય ભાવનાબેન સંજયભાઈ વાણંદે પોતાને મળેલી રૂ. ૧,૮૦,૦૦૦ની સહાયમાંથી નાની દુકાન ચાલુ કરી છે. જેમાં તેઓ નાની મોટી ચીજ વસ્તુઓના વેચાણ દ્વારા માસિક ૧૦,૦૦૦ રૂપિયા જેટલો નફો મેળવે છે. પરિવારને આર્થિક જરૂરિયાતમાં મદદરૂપ બનનાર ભાવનાબેન આજે એક ઉદ્યોગ સાહસિક તરીકે ગામની અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા છે. મહિલા સ્વાવલંબન યોજના વિશે વાત કરતા ખેડા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી હીનાબેન ચૌધરી જણાવે છે કે ગુજરાત સરકાર દ્વારા મહિલા અને બાળકો માટે ચાલતી મહિલા સ્વાવલંબન યોજનાનો હેતુ ગરીબી રેખા હેઠળ આવતા કુટુંબોની જરૂરિયાતમંદ મહિલાઓને સ્વરોજગાર માટે બેંક લોન આપી આર્થિક રીતે પગભર બનાવવાનો છે. તેઓ ઉમેરે છે કે સીવણ, કરીયાણું, કપડાની દુકાન જેવા વિવિધ રોજગારલક્ષી કૌશલ્યની તાલીમ મેળવી સ્વરોજગાર થકી પોતાનો વ્યવસાય ઉભો કરવાની ઈચ્છા ધરાવનાર બહેનો જિલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરીનો સંપર્ક કરી શકે છે. મહિલા સ્વાવલંબન યોજના હેઠળ રૂ. ૨ લાખની લોન આપવામાં આવે છે. જેમાં જે તે પ્રોજેક્ટ કોસ્ટ એટલે કે વ્યવસાય ઉભો કરવાનો ખર્ચ રૂ. ૨ લાખ સુધી હોય તો ૩૦% અને ૨ લાખથી ઓછો હોય તો ૧૫% સબસીડી આપવામાં આવતી હોય છે. નોંધનીય છે કે મહિલા સ્વાવલંબન યોજનાનો લાભ લેવા લાભાર્થી મહિલાની વય મર્યાદા ૨૧ થી ૫૦ વર્ષની અને આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦/- છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ પર આધારિત એક પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ એક્ઝિબિશન નિહાળ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### રાધનપુરના સુરકા ગામે વીજ કરંટ લાગવાંથી એકનું મોત, ચાર ઇજાગ્રસ્ત

| પાટણ, તા.૨૮ |

પાટણ વિસ્તારમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં રાધનપુરના સુરકા ગામે વીજ કરંટ લાગવાંથી એકનું મોત થયું છે જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. સુરકા ગામે એક જ પરિવારના ૫ સભ્યોને વીજ કરંટ લાગતા અરેરાટી મચી ગઈ છે. ઘરમાં બોર્ડની સ્વીચ ચાલુ કરતી વખતે આ ઘટના બની હતી. વીજ કરંટથી ગામના પૂર્વ સરપંચ વીરચંદજી ઠાકોરનું મોત થયું છે તો પરિવારના અન્ય ૪ સભ્યો ઈજાગ્રસ્ત થયા છે. વીજ કરંટથી સુરકા ગામના પૂર્વ સરપંચનું મોત તેમજ પત્ની, પુત્ર વધુ અને પૌત્ર, પુત્રીને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને રાધનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. મૃતકના મૃતદેહને પીએમ અર્થે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પૂર્વ સરપંચના મોતથી સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ છે.

### દીપડાને લઈ હિંમતનગરના રુપાલ પંથકમાં ફફડાટ

| સાબરકાંઠા, તા.૨૮ |

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રુપાલ અને તેની આસપાસના વિસ્તારના ગામના લોકો દીપડાને ભયથી ફફડી રહ્યા છે. વિસ્તારની આસપાસના ગામડાઓમાં દીપડો છેલ્લા બે માસથી ફરતો હોવાને લઈ સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી રહ્યો છે.હાલમાં જ રુપાલ વિસ્તારમાં એક પશુનુ મારણ દીપડાએ કરવાને લઈ સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ઘટનાને લઈ સ્થાનિક વન વિભાગ દ્વારા પાંજરુ મુકીને દીપડાને પકડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.હાલમાં વાવણીનો સમય હોવાને લઈ ખેડૂતો ખેતી કાર્યમાં વ્યસ્ત છે.

### સુરતમાં પોલીસકર્મીએ છુટા હાથે બેફામ બુલેટ ચલાવ્યું

| સુરત, તા.૨૮ |

આપણે અવાર-નવાર સ્ટંટબાજ નબીરાઓના વીડિયા જોતા હોઈ છીએ જેમાં તેઓ ખુલ્લા હાથે બાઈક ચલાવતા હોય છે કે, પછી રિલ્સની ઘેલછામાં જીવને જોખમમાં મુકતા સ્ટંટ કરતા હોય છે. પરંતુ પોલીસ એવા સ્ટંટ કરવા લાગે તો અસમાજિક તત્વોને કહેવું જ શું અને એમને ડર પણ કોનો રહે. આ વાત એટલા માટે જણાવી રહ્યાં છીએ કારણ કે, સુરતમાં કાયદાનું ભાન કરાવતી પોલીસ જ કાયદો ભૂલી ગઈ હોય તેવો વીડિયો સામે આવ્યો છે. સુરતમાં કાયદાનું ભાન કરવાતી પોલીસ જ કાયદા પ્રત્ય સભાન ન હોય તેવો વીડિયો સામે આવ્યો છે. પોલીસકર્મી જ વર્દીમાં છૂટા હાથે બેફામ બુલેટ બાઈક ચલાવતાનો વીડિયો સામે આવ્યો છે.

### વડોદરા જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ

# કરજણ તાલુકામાં જળબંબાકાર, અનેક ગામો થયા સંપર્ક વિહોણા

### કરજણમાં ભારે વરસાદને લઇ કરજણ પંથકના નીચાણવાળા વિસ્તારમાં આવેલ ગામડાઓમાં વરસાદી પાણી ભરાયા છે

| વડોદરા, તા.૨૮ |

હાલમાં વડોદરા જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેને લઈને લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કરજણ તાલુકામાં ભારે વરસાદને લઈ તાલુકાનું છંછવા ગામ સંપર્ક વિહોણું થયું છે. છંછવા ગામને જોડતો મેથી-સીમળી રોડ પર પાણી ફરી વળતા ગામ સંપર્ક વિહોણું બન્યું છે. આ ઉપરાંત ગામના નવીનગરીમાં ૭ જેટલા મકાનોમાં પાણી ઘુસ્યું છે. તો બીજી તરફ કરજણથી સામારી જવાના મુખ્ય માર્ગ પર અડધા કિલોમીટર સુધી ખેતરોમાંથી વરસાદી પાણી રોડ પર ફરિવળતા આ રૂટના તમામ ગામ સંપર્ક વિહોણા થયા છે. કરજણમાં ભારે વરસાદને લઈ કરજણ પંથકના નીચાણવાળા વિસ્તારમાં આવેલ ગામડાઓમાં વરસાદી પાણી ભરાયા છે. કરજણના સામરી ગામે પ્રાથમિક શાળા, સામારી ગ્રામ પંચાયત, નંદ ઘર સહિત સામરી બસ સ્ટેન્ડ, ભાથીજી ફળીયામાં કેડસમાં વરસાદી પાણી ભરાતા આ વિસ્તારના લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સામરી ગામના નિચાણવાળા અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ભાથીજી ફળીયા વિસ્તારમાં અંદાજિત ૧૫થી ૨૦ જેટલા ગરીબ પરિવારોના ઘરો આવેલા છે. વરસાદી પાણી ઘરોમાં ભરાતા સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોને આક્ષેપ છે કે, કોઈ અધિકારી તંત્ર જોવા નથી આવ્યું. આ વિસ્તારના રાત્રી દરમિયાન સ્થાનિક લોકો ભૂખ્યા તરસ્યા ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. આ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવવાની વર્ષોથી સમસ્યા છે. વર્ષોથી આ વિસ્તારના લોકોની દર ચોમાસામાં આજ સ્થિતિ સર્જાતા હેરાન પરેશાન થાય છે. જોકે, અનેક રજુઆતો છતા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### વલસાડ જિલ્લામાં ભારે વરસાદ

## વલસાડના કપરાડામાં ૭ ઈંચ વરસાદથી અનેક વિસ્તારો જળમગ્ન થયા

| વલસાડ, તા.૨૮ |

વલસાડ જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. કપરાડામાં સાડા સાત ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ઉમરગામમાં છ ઈંચ અને વલસાડ શહેર અને વાપીમાં ચાર-ચાર ઈંચ વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે વલસાડ જિલ્લામાં સતત વરસાદ વરસી રહ્યો છે. અવિરત વરસાદના કારણે વલસાડની મોટા ભાગની નદીમાં પૂર આવ્યું છે. ઔરંગા નદીના પાણી કાશ્મીરા નગર, બંદર રોડ..હનુમાન ભાગડા સહિતના વિસ્તારમાં પ્રવેશતા વહેલી સવારે પ્રશાસનની ટીમે તમામ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા. કપરાડામાં નદીના પાણીએ તારાજી સર્જી છે. પાણીના પ્રવાહમાં કોઝવે તૂટી ગયો હતો. અનેક સ્થળોએ રસ્તાનું ધોવાણ થયું છે જેના કારણે વાહનચાલકો પરેશાન થયા હતા. કપરાડાના વરવટ ગામને જોડતા કોઝવે પર પાણી ફરી વળતા રસ્તો બંધ કરવો પડ્યો હતો. સેલવાસનો ખાનવેલ વિસ્તાર જળમગ્ન થઈ ગયો હતો. ગઈકાલે મોડી રાત્રે અનેક ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. કાચા મકાનો અને વૃક્ષોને પણ નુકસાન થયું હતું. સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાંથી પસાર થતી દમણ ગંગા નદી બે કાંઠે વહી રહી છે. મધુબન ડેમમાંથી પાણી છોડાતા દમણ ગંગા નદીમાં ઘોડાપૂર આવ્યું છે.

### ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ

## અમદાવાદને હિન્દી અમલીકરણના ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન બદલ "નરાકાસ" અમદાવાદના પ્રતિષ્ઠિત પુરસ્કારથી સન્માનિત



| અમદાવાદ, તા.૨૮ |

નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ (નરાકાસ), અમદાવાદની ૮૧મી અર્ધવાર્ષિક બેઠકનું આયોજન તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૩ ના રોજ સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC), ISRO અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં ડીવીઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, અમદાવાદ ને વર્ષ ૨૦૨૨-૨૩ માટે હિન્દી અમલીકરણ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન બદલ ડો. બનવારી લાલ, ઉપપ્રમુખ નરાકાસ અને ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ (TDS), અમદાવાદ તરફ થી મૂવિંગ શિલ્ડ આપવામાં આવી હતી. અમદાવાદ ડિવિઝન તરફથી આ એવોર્ડ શ્રી દયાનંદ સાહુ, એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર, અમદાવાદ અને શ્રી જીતેન્દ્ર કુમાર જયંત, ઈન્ચાર્જ રાજભાષા અધિકારી અને વરિષ્ઠ જનસંપર્ક અધિકારી, અમદાવાદ દ્વારા પ્રાપ્ત થયો હતો. ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદને નગર રાજભાષા અમલીકરણ સમિતિ સ્તરે આવા પ્રતિષ્ઠિત પુરસ્કારો સતત પ્રાપ્ત કરવાનું ગૌરવ મળ્યુ છે.

### મેડિકલ ઇતિહાસમાં પ્રથમ ઘટના

# વડોદરામાં યુવાનના શરીરમાંથી ૧૬૨૮ પથરી નીકળવાની ઘટના સામે આવી

### આટલી મોટી સંખ્યામાં પથરીઓ દુર તેવો પ્રથમ કિસ્સો મેડિકલ ઇતિહાસમાં જોવા મળ્યો છે

| વડોદરા, તા.૨૮ |

વડોદરા ના નવાયાર્ડ વિસ્તારમાં રહેતા નવાયાર્ડમાં રહેતો ૩૫ વર્ષીય મહંમદ ખલીક પઠાણ જે ફેબ્રિકેશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેના પિત્તાશયમાંથી ૧૬૨૮ પથરીઓ લેપ્રોસ્કોપીક સર્જરી દ્વારા દુર કરવામાં આવી હતી. ખલિક પઠાણ કે જેમના પિત્તાશયમાં પથરી હોવાનું નિદાન થયુ હતું. લેપ્રોસ્કોપીક સર્જન દ્વારા તેના પિત્તાશયની પથરી લેપ્રોસ્કોપીક સર્જરીથી દુર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુરૂવારે યુવાન ઉપર શસ્ત્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જયારે પિત્તાશયમાંથી ૧૬૨૮ ઉપરાંત પથરીઓ દુર કરવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં પથરીઓ દુર તેવો પ્રથમ કિસ્સો મેડિકલ ઈતિહાસમાં જોવા મળ્યો છે. લેપ્રોસ્કોપીક સર્જન ડૉ લલીત મછાર, ડોક્ટર જીતેન્દ્ર મિસ્ત્રી અને એનેસ્થેટીસ ડૉ તુષાર ચોકસીએ આ ઓપરેશનને પાર પાડ્યુ હતું. સાથે જ ૩૦ વર્ષની તબીબી કેરીયર દરમિયાન પણ પિત્તાશયમાં આટલા મોટા પ્રમાણમાં પથરી જોવા મળી હોય તેવો આ પ્રથમ કિસ્સો હોવાનું જણાવ્યું હતું.

તબીબોએ જણાવ્યું કે, પિત્તાશયમાં પથરી થવા પાછળના કારણોમાં ચરબી, માંસાહાર



ફાસ્ટફુડનો વધુ પડતો આહાર કારણભુત છે. આ ઉપરાંત ચયાપચયની પ્રક્રિયામાં ઉભા થયેલા અવરોધના કારણે પિત્તાશયમાં પથરી થાય છે.

### SMCના અમદાવાદના સરદારનગરમાં દરોડા

# સરદારનગરમાં ૮૫૫ બોટલો સાથે મહિલા બુટલેગરની ધરપકડ કરી

### મહિલાનો પતિ દેશની સુરક્ષા કરી રહ્યો છે ત્યારે આ મહિલાએ દારૂનો ધંધો કરીને પરિવારને ડુબાડ્યા

| અમદાવાદ, તા.૨૮ |

રૂપિયા કમાવવાનો નશો આજે દરેકને હોય છે, જેમાં કેટલાક લોકો એવાં કામ કરતા હોય છે, જેના કારણે જેલના સળિયા ગણવાના દિવસો પણ આવી જતા હોય છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનના સકંજામાં એક મહિલા આવી છે, જે શોર્ટકટથી રૂપિયા કમાવવા માટે બુટલેગર બની ગઈ છે. મહિલાનો પતિ દેશની સુરક્ષા કરી રહ્યો છે ત્યારે તેણે દારૂનો ધંધો કરીને પરિવારને પણ ડુબાડ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોડી રાતે ઘરમાં રેડ કરીને મહિલાને ૨.૫૬ લાખના દારૂના જથ્થા સાથે ઝડપી પાડી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી છે કે, સરદારનગર વિસ્તારમાં આવેલી રમેશ દત્ત કોલોનીમાં રહેતી ગીતા યોગેન્દ્રસિંગ દારૂનો ધંધો જોરશોરથી કરી રહી છે. બાતમીના આધારે ગઈ કાલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડા પાડ્યા હતા અને ગીતા યોગેન્દ્રસિંગની ધરપકડ કરી લીધી હતી. રેડ દરમિયાન SMCની ટીમને દારૂની ૮૫૫ બોટલો મળી આવી છે, જેની કિંમત ૨.૫૬લાખ રૂપિયા થાય છે.SMCએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગીતા વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. ગીતાએ અજય નામના બુટલેગર પાસેથી દારૂ મંગાવ્યો હતો. ત્યાર બાદ વેચવાનું શરૂ કરી દીધું હતું.

ગીતાના પતિ યોગેન્દ્રસિંગ આર્મી જવાન છે અને તે ગુજરાત બહારના રાજ્યમાં ડ્યૂટી કરે છે. યોગેન્દ્રસિંગ પાસે દારૂ પીવાની પરમિટ હોવાથી ગીતા દારૂ મંગાવતી હતી અને છૂટાછવાયા ગ્રાહકોને વેચતી હતી. દારૂના ધંધામાં વધારે રૂપિયા મળે છે તેવું વિચારીને ગીતાએ બુટલેગર બનવાનું નક્કી કરી લીધુ હતું. ગીતાએ પહેલાં નાના પાયે દારૂનો ધંધો ચાલુ કર્યો હતો. સમય જતાં ગીતાને રૂપિયા કમાવવાનો નશો એટલો વધી ગયો કે તેણે વધારે દારૂનો જથ્થો મંગાવવાનું શરૂ કરી દીધું હતું. ગીતાના ઘરે જે દારૂડિયો દારૂ લેવા માટે જતો હતો તેણે જ SMCને બાતમી આપી હતી. બાતમીના આધારે SMCએ રેડ કરી હતી અને દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. SMCના ડીવાયએસપી કે.ટી. કામરિયાએ જણાવ્યું છે કે, ગીતાના ઘરે સીસીટીવી કેમેરા લગાવેલા હતા. ડીવીઆર પણ જપ્ત કરવામાં આવ્યું છે. ગીતાના ઘરે કયા પોલીસ કર્મચારીઓ આવતા હતા, કેટલા ગ્રાહકો આવતા હતા તેનો પર્દાફાશ સીસીટીવી ફૂટેજ જોતાં સામે આવે તેવી શક્યતા છે. સીસીટીવી ફૂટેજમાં ખાસ કરીને પોલીસ કર્મચારીઓની સંડોવણીના મામલે તપાસ કરવામાં આવશે.

### પાલિકા વીજ, પાણી અને ગટરના કનેક્શન કાપશે

# જૂનાગઢમાં કેશોદની ૧૨ જર્જરિત મિલકતોને દૂર કરવા નોટિસ

### વધારાના સર્વેમાં બેંક સહિતની મિલકતો જર્જરિત જૂનાગઢમાં મકાન પડવાની ઘટના બાદ તંત્રની કાર્યવાહી સામે આવી છે

| જૂનાગઢ, તા.૨૮ |

જૂનાગઢમાં કેશોદની ૧૨ જર્જરિત મિલકતોને દૂર કરવા નોટિસ, જર્જરિત બાંધકામથી દૂર રહેવા પાલિકાએ લગાવ્યા બેનર. જર્જરિત મિલકત દૂર કરવી અથવા સમારકામ કરવા સૂચના અપાઈ છે. કેશોદ પાલિકા દ્વારા ૭ દિવસની મુદત આપવામાં આવી છે. મિલકત ધારક નિર્ણય નહીં લે તો પાલિકા કાર્યવાહી કરશે. પાલિકા વીજ, પાણી અને ગટરના કનેક્શન કાપી નાંખશે તેવુ પણ જણાવ્યુ હતું.આ સાથે અન્ય જર્જરિત બાંધકામોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. વધારાના સર્વેમાં બેંક સહિતની મિલકતો જર્જરિત જૂનાગઢમાં મકાન પડવાની ઘટના બાદ તંત્રની કાર્યવાહી સામે આવી છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જુનાગઢમાં ઈમારત ધરાશાયી થવાની ઘટના બની હતી.

### મહીસાગર પોલીસ જ ઊંઘતી ઝડપાઈ

# લુણાવાડાના વિરાણીયા ચોકડી પાસેથી એક કારમાંથી દારૂનો જથ્થો પકડાયો

### ગાંધીનગર સ્ટેટ મોનિટર સેલ ની રેડ થતા સ્થાનિક પોલીસ ક્યાંક ને ક્યાંક ઊંઘતી ઝડપાઈ હતી

| મહીસાગર, તા.૨૮ |

રાજસ્થાનની સરહદે આવેલ મહીસાગર જિલ્લામાં દારૂની ઘૂસણખોરી વારંવાર જોવા મળે છે ત્યારે જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં વહેલી સવારથી જ ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા પડ્યા હતા. જોકે સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર દ્વારા લુણાવાડા તાલુકા વિસ્તારની બાતમીને આધારે તપાસ કરતા લુણાવાડાના વિરાણીયા ચોકડી પાસેથી એક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો હતો.ગાંધીનગર સ્ટેટ મોનિટર સેલ ની રેડ થતા સ્થાનિક પોલીસ ક્યાંક ને ક્યાંક ઊંઘતી ઝડપાઈ છે જોકે હાલ સ્ટેટ મોનીટરીંગ ગાંધીનગર સેલના દરોડા પાડતાની સાથે ટાઉન પોલીસ સહિત પીઆઈ ધેનુબેન ઠાકર ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨